તમામ પરીક્ષાઓમાં રેકોર્ડ બ્રેક સ્કોર કરાવતું મેગેઝિન

# જુલાઇ 2026

## Part 1

કરન્ટ અફેર્સ તો Crack GPSC નું જ



**CRACK GPSC**

**UPSC - GPSC - PI - PSI - RFO**

**Dy. SO / મામ. | કલર્ક | તલાટી | કોન્સ્ટેબલ**

**CCE | TAT | TET | HTAT**

## Most Imp Current Affairs – 1 to 15 July 2026

## 1 જુલાઈ

- **જનરલ ધીરજ સેઠે** 31મા આર્મી ચીફ તરીકેનો પદભાર સંભાળ્યો. તેમણે ઉપેન્દ્ર દ્વિવેદીનું સ્થાન લીધું.. સેઠ એનડીએના પૂર્વ વિદ્યાર્થી છે અને 1986માં આર્મર્ડ કોરમાં કમિશન થયા હતા. તેઓ ડેપ્યુટી આર્મી ચીફ રહી ચૂક્યા છે.

- રાષ્ટ્રપતિએ રક્ષા અલંકાર સમારોહમાં **105 સેવા પદકો** પ્રદાન કર્યા. ઓપરેશન સિંદૂરમાં વીરતા દર્શાવનાર લેફ્ટિનન્ટ જનરલ **રાજીવ ઘાઈ અને એર માર્શલ અવધેશ કુમાર ભારતીને 'સર્વોત્તમ યુદ્ધસેવા પદક'** સન્માન મળ્યું. નૌસેના પ્રમુખ એડમિરલ **કૃષ્ણા સ્વામીનાથનને 'પરમ વિશિષ્ટ સેવા પદક'** અને આગામી થલ સેના પ્રમુખ તરીકે નિયુક્ત લેફ્ટનન્ટ જનરલ **ધીરજ સેઠને 'ઉત્તમ યુદ્ધ સેવા પદક'** મળ્યું.

- કોંગ્રેસ અધ્યક્ષ **મલ્લિકાર્જુન ખડગેને** ફરી એક વખત **રાજ્યસભામાં વિપક્ષના નેતા** તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. રાજ્યસભાના સભાપતિ સી.પી. રાધાકૃષ્ણને તેમને અને અન્ય સાત નવ-નિર્વાચિત સભ્યોને શપથ લેવડાવ્યા. રાહુલ ગાંધી જૂન 2024થી લોકસભામાં વિપક્ષના નેતા તરીકેની જવાબદારી નિભાવી રહ્યા છે.

- દિલ્હી સરકારે **'દિલ્હી EV પોલિસી 2026'ને** મંજૂરી આપી. તે માર્ચ 2030 સુધી અમલમાં રહેશે. તેના હેઠળ 30 લાખ રૂપિયા સુધીની ઇલેક્ટ્રિક કાર પર રોડ ટેક્સ અને રજિસ્ટ્રેશન ફીમાં 100% છૂટ મળશે. ઈલેક્ટ્રિક દ્વિચક્રી વાહનો પર 30 હજાર રૂપિયા અને ત્રિચક્રી વાહનો પર 50 હજાર રૂપિયા સુધીની પ્રોત્સાહન રકમ પણ મળશે.

- RBI અનુસાર, માર્ચના અંત સુધી ભારતનું કુલ વિદેશી કર્જ 762.8 અબજ અમેરિકન ડોલર થયું. તે ગયા વર્ષની તુલનામાં 26.3 અબજ ડોલર વધુ છે. વિદેશી દેવું અને GDPનો રેશિયો 20.8% થયો છે, જે એક વર્ષ પહેલાં 19.8% હતો. કુલ વિદેશી કર્જમાં અમેરિકન ડોલરની ભાગીદારી સૌથી વધુ 55.5% છે. જ્યારે દેવાનો સૌથી મોટો હિસ્સો લોન (34.7%) અને કરન્સી તથા ડિપોઝિટ (22.3%)ના સ્વરૂપમાં છે.

- ભારતીય ખાનગી અવકાશ પરિવહન કંપની અગ્નિકુલ કોસ્મોસ અને ફિનિશ સિન્થેટિક એપરચર રડાર સેટેલાઇટ કંપની ICEYEએ ભારત તરફથી SAR પૃથ્વી નિરીક્ષણ પ્રણાલીઓના નિર્માણ, પ્રક્ષેપણ અને સંચાલન માટે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા. સિન્થેટિક એપરચર રડાર એક સક્રિય રિમોટ-સેન્સિંગ ટેકનોલોજી છે જે પૃથ્વીની સપાટીની છબીઓ બનાવવા માટે માઇક્રોવેવ સિગ્નલોનો ઉપયોગ કરે છે. SAR દિવસ અને રાત્રિની સ્થિતિમાં ડેટા એકત્રિત કરી શકે છે અને વાદળ આવરણ દ્વારા કાર્ય કરી શકે છે, જે તેને સતત નિરીક્ષણ માટે ઉપયોગી બનાવે છે.

- **દિલ્હી** સરકારના પુરાતત્વ વિભાગ દ્વારા **મુખ્યમંત્રી સ્મારક દત્તક યોજના** શરૂ કરવામાં આવી. આ યોજના અંતર્ગત ખાનગી સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, બિન સરકારી સંસ્થાઓ, જાહેર ક્ષેત્રના ઉપક્રમો અને

વ્યક્તિઓને જાહેર-ખાનગી ભાગીદારી મોડલ દ્વારા ભાગ લેવાની મંજૂરી આપે છે. આ યોજના હેઠળ **'સ્મારક મિત્ર'** પાંચ વર્ષ માટે સ્મારકોને દત્તક લે છે અને સ્વચ્છતા, સુરક્ષા અને લાઇટિંગ જેવી મુલાકાતીઓની સુવિધાઓ માટે ભંડોળ પૂરું પાડે છે.

- અમેરિકાની સુપ્રીમ કોર્ટ દ્વારા અમેરિકામાં જન્મના આધારે નાગરિકત્વ આપવાની વ્યવસ્થા બદલવાના ડોનાલ્ડ ટ્રમ્પના પ્રયાસ પર રોક લગાવાઈ છે. ટ્રમ્પની દરખાસ્ત એવી હતી કે જેમનાં માતા-પિતામાંથી કોઈ એક અમેરિકી નાગરિક કે સ્થાયી નિવાસી હોય તમને જ જન્મના આધારે સિટીઝનશિપ મળી શકે છે. પરંતુ, આ બાબતનો વિરોધ થતાં આ મુદ્દાને સુપ્રીમ કોર્ટમાં લઈ જવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટના નિવેદન અનુસાર કોઈ બાળક કે જે અમેરિકામાં જન્મે છે તેને અમેરિકાનું નાગરિક ગણવામાં આવશે ભલે તેનાં માતા-પિતા ગેરકાયદેસર રીતે અમેરિકામાં પ્રવેશ્યાં હોય.

- દર વર્ષે 1 જુલાઈના રોજ, ભારતના એક પ્રતિષ્ઠિત ચિકિત્સક અને ભારત રત્ન પુરસ્કાર વિજેતા ડૉ. બિધાન ચંદ્ર રોયના વારસાને માન આપવા માટે **રાષ્ટ્રીય ડૉક્ટર્સ દિવસ** ઉજવવામાં છે. આ દિવસ સમાજ અને આરોગ્યસંભાળ પ્રણાલીમાં ડૉક્ટરોના અમૂલ્ય યોગદાનને માન્યતા આપે છે. વર્ષ 2026ની થીમ **'Behind the Mask: Who Heals the Healers?'** છે.

## 2 જુલાઈ

- ભારતીય સંગીતની સમૃદ્ધ પરંપરાને સન્માનિત કરવા અને આકાશવાણીનાં 90 વર્ષ પૂર્ણ થવાના અવસરે આકાશવાણીએ નવી દિલ્હી સ્થિત આકાશવાણી રંગ ભવન ઓડિટોરિયમમાં **'સ્વર પ્રેરણા વીથિકા'** (Swar Prerna Veethika) નામની વિશિષ્ટ ફોટો ગેલેરીનું ઉદ્ઘાટન કર્યું. આ ગેલેરીનું લોકાર્પણ પદ્મ વિભૂષણ પંડિત હરિપ્રસાદ ચૌરસિયાના હસ્તે કરવામાં આવ્યું. આ પહેલ 2027માં ભારતના રેડિયો પ્રસારણના શતાબ્દી વર્ષને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે. આકાશવાણી દાયકાઓથી દેશના સાંસ્કૃતિક, શૈક્ષણિક અને જાહેર હિતના કાર્યક્રમોનું પ્રસારણ કરતી મહત્ત્વપૂર્ણ સંસ્થા રહી છે.

- કેન્દ્ર સરકારની ઇજનેરી અને કન્સલ્ટન્સી ક્ષેત્રની જાહેર ક્ષેત્રની કંપની **MECON Limitedને** Miniratna Category-Iનો દરજ્જો આપવામાં આવ્યો છે. કંપનીની નેટવર્થ ₹535 કરોડથી વધુ થતાં તેને આ માન્યતા આપવામાં આવી છે. Miniratna દરજ્જો મળવાથી કંપનીને વધુ નાણાકીય અને વહીવટી સ્વાયત્તતા મળશે, જેના કારણે તે ઝડપી નિર્ણયો લઈ શકશે અને પોતાની વ્યાપારી પ્રવૃત્તિઓનો વિસ્તાર કરી શકશે. MECON એક Public Sector Enterprise છે. તે સ્ટીલ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે કાર્ય કરે છે.

- નવી દિલ્હીમાં **ભારત અને મલેશિયા** વચ્ચે 12મી Sub Committee Meeting યોજાઈ, જેમાં બંને દેશોએ દ્વિપક્ષીય સૈન્ય સહયોગના સંપૂર્ણ વ્યાપની સમીક્ષા કરી. ભારત અને મલેશિયા બંને Indo-Pacific ક્ષેત્રમાં મહત્ત્વપૂર્ણ ભાગીદાર છે. દક્ષિણ-પૂર્વ એશિયામાં મલેશિયાનું વ્યૂહાત્મક સ્થાન ભારતની Act East Policy અને ASEAN સાથેના સંબંધો માટે મહત્ત્વપૂર્ણ છે. રક્ષા સહયોગ દ્વારા બંને દેશો સમુદ્રી સુરક્ષા, આતંકવાદ વિરોધી અભિયાન અને પ્રાદેશિક સ્થિરતામાં યોગદાન આપી શકે છે.

- કેન્દ્ર સરકારે દિલ્હીમાં **NH-148AE** માટે 6 લેન રોડ ટનલના નિર્માણને મંજૂરી આપી છે. આ ટનલ **દ્વારકા એક્સપ્રેવે (NH-248BB)ને નેલસન માંડેલા માર્ગ, વસંતકુંજ** સાથે જોડશે. પ્રોજેક્ટની કુલ લંબાઈ **8.1 કિમી** છે અને તેની અંદાજિત કીમત ₹6,969.67 કરોડ છે. દિલ્હી-NCRમાં વધતા ટ્રાફિક દબાણને ધ્યાનમાં

રાખીને આ પ્રોજેક્ટ ખૂબ મહત્વપૂર્ણ છે. દ્વારકા એક્સપ્રેસ વે, IGI Airport, વસંત કુંજ અને દક્ષિણ દિલ્હી વચ્ચે કનેક્ટિવિટી સુધારવાથી મુસાફરીનો સમય ઘટશે, ટ્રાફિક ભીડ ઓછી થશે અને શહેરી પરિવહન વધુ કાર્યક્ષમ બનશે.

- કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે **ગ્રીસની** મુલાકાત દરમિયાન ત્યાં **યુનિફાઇડ પેમેન્ટ ઇન્ટરફેસ (UPI)ની સેવાઓ** સત્તાવાર રીતે શરૂ કરવાની જાહેરાત કરી. ભારતની ઇન્ટરનેશનલ પેમેન્ટ લિમિટેડ અને ગ્રીસની યુરો બેંક વચ્ચે ભાગીદારીથી આ ડિજિટલ સેવા શરૂ કરવામાં આવી છે. ગ્રીસ સહિત વિશ્વના કુલ **10 દેશોમાં** ભારતીય પ્રવાસીઓ માટે યુપીઆઇ પેમેન્ટ સ્વીકારવાનું શરૂ થયું છે. જેમાં ગ્રીસ, સિંગાપોર, સંયુક્ત આરબ અમીરાત, ફ્રાંસ મોરેશિયસ, નેપાળ ભૂતાન, કતાર, શ્રીલંકા અને કંબોડિયાનો સમાવેશ થાય છે.

- ભારતીય મેન્સ ટીમે એશિયન અંડર-15 રેસલિંગ ચેમ્પિયનશિપ 2026માં શાનદાર પ્રદર્શન કરતાં મેન્સ ફ્રીસ્ટાઇલમાં 4 સુવર્ણ, 1 રજત અને 3 કાંસ્ય સહિત કુલ 8 પદકો જીત્યા. તમામ 8 વજનવર્ગમાં ભારતના ખેલાડીઓ પોડિયમ પર પહોંચ્યા, જે ઐતિહાસિક સિદ્ધિ ગણાય છે. પ્રથમ સ્થાને રહેલા ખેલાડીઓમાં પ્રથમેશ પાટીલ, નૈતિક, કેશવ ચેમટે અને વિવેક ચૌહાણે પોતપોતાની શ્રેણીમાં વિજય મેળવ્યો હતો. આ ચેમ્પિયનશિપમાં ભારતે કુલ 21 (8 ગોલ્ડ, 6 સિલ્વર અને 7 બ્રોન્ઝ) મેડલ્સ જીત્યાં.

- **વર્લ્ડ રોઇંગ કપ 2026-સ્ટેજ III**માં ભારતીય સેનાના બે હવાલદાર **લક્ષ્ય અને ઉજ્જવલ કુમાર સિંહે** સ્વિટ્ઝર્લેન્ડના લ્યુસર્નમાં યોજાયેલી **લાઇટવેઇટ મેન્સ ડબલ સ્કલ્સ (LM2x) સ્પર્ધામાં 6:26.09 મિનિટના** સમય સાથે સુવર્ણ ચંદ્રક જીતીને ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી. આ વર્લ્ડ રોઇંગ કપના ઇતિહાસમાં ભારતનો પ્રથમ ગોલ્ડ મેડલ છે.

## 3 જુલાઈ

- ભારતીય ફિલ્મ દિગ્દર્શક **એસ. એસ. રાજામૌલીને** ફ્રાન્સમાં લુમિયર મ્યુઝિયમમાં **'વૉલ ઓફ ફિલ્મમેકર્સ'** પર સ્થાન આપીને તેમનું સન્માન કરાયું. વૉલ ઓફ ફિલ્મ મેકર્સ પર વિશ્વ સિનેમામાં નોંધપાત્ર યોગદાન આપનારા પસંદગીના ફિલ્મ નિર્માતાનાં નામ કાયમી ધોરણે અંકિત કરાય છે. જે ફિલ્મ જગતમાં પ્રતિષ્ઠિત સન્માન મનાય છે.

- નાસાએ **ચંદ્ર** પર કાયમી માનવ હાજરી માટે તૈયારી કરવા માટે **$600 મિલિયનના** નવા કરારોની જાહેરાત કરી. આ પહેલ હેઠળ, 2029ના અંત સુધીમાં ચાર રોબોટિક લેન્ડર મિશન મોકલવામાં આવશે. આ મિશન ચંદ્રની ધૂળ અને કિરણોત્સર્ગનો અભ્યાસ કરશે.

- પ્રખ્યાત ભારતીય રંગભૂમિ અને સિનેમા વ્યક્તિત્વ **વિજયા મહેતાનું** અવસાન થયું. તેઓ પ્રેમથી **'બાઈ'** તરીકે ઓળખાતા હતા. તેમણે મરાઠી રંગભૂમિને આધુનિક ઓળખ આપવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી અને થિયેટર જૂથ **'રંગાયણ'ની** સહ-સ્થાપના કરી હતી. તેમણે 'એક શૂન્ય બાજીરાવ' નાટકનું દિગ્દર્શન કર્યું હતું.

- ગુજરાત સરકારે 1997 બેચના આઈપીએસ અધિકારી **અનુપમસિંહ ગેહલોતને** અમદાવાદ શહેરના નવા પોલીસ કમિશનર તરીકે નિયુક્ત કર્યા.

- **‘પ્લાસ્ટિક બેગ ફ્રી વર્લ્ડ’ અભિયાન** અંતર્ગત 3 જુલાઈના આંતરરાષ્ટ્રીય પ્લાસ્ટિક બેગ મુક્ત દિવસ મનાવવામાં આવ્યો. આ અભિયાન **2008માં** પ્લાસ્ટિક બેગના પર્યાવરણીય પ્રભાવ વિશે ચિંતિત સંગઠનો અને વ્યક્તિઓના એક જૂથ દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું. પ્લાસ્ટિક બેગનો સૌ પ્રથમ પ્રતિબંધ 2009માં પશ્ચિમ યુરોપમાં શરૂ કરવામાં આવ્યો હતો અને વર્ષ **2015માં** યુરોપિયન યુનિયન દ્વારા સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ મૂકવા માટે પગલાં લીધાં હતાં. એક અંદાજ મુજબ વિશ્વભરમાં દર વર્ષે લગભગ 40 હજાર કરોડ પ્લાસ્ટિક બેગનો ઉપયોગ થાય છે અને તેમાંથી માત્ર એક ટકા રિસાયકલ કરવામાં આવે છે.

- કેન્દ્ર સરકાર દ્વારા **રવિ અગ્રવાલને** સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસના (CBDT) અધ્યક્ષ તરીકે પુનઃનિયુક્ત કરવામાં આવ્યા. CBDTએ ભારતમાં **પ્રત્યક્ષ કર માટેની** નીતિઓ ઘડતી સર્વોચ્ચ સંસ્થા છે. તે નાણા મંત્રાલયના મહેસૂલ વિભાગ હેઠળ કામ કરે છે અને આવકવેરા અધિનિયમ 1961 અંતર્ગતની સત્તાઓ ધરાવે છે. આ સંસ્થા પ્રત્યક્ષ કર નીતિ ઘડવા, કર ચોરી રોકવા અને આવકવેરા વહીવટ સંબંધિત માર્ગદર્શિકા બહાર પાડવા માટે જવાબદાર છે.

- વડોદરા મહાનગર પાલિકાએ **વડોદરા** શહેરના પ્રખ્યાત **કમાટીબાગ** ખાતે વિશ્વામિત્રી નદી પર **મગરની થીમ આધારિત ક્રોકોડાઇલ બ્રિજ** બનાવવાના પ્રોજેક્ટને રજૂ કર્યો આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય વિશ્વામિત્ર નદી અને તેના પર મગજરના નિવાસને પ્રવાસન ક્ષેત્રે પ્રોત્સાહન આપવાનો છે. આ બ્રિજનો આકાર મગરના આકાર જેવો રહેશે. જેમાં મુસાફરો મગરના મુખમાંથી પસાર થતા હોય તે પ્રકારનો અનુભવ મેળવી શકશે. આ બ્રિજની લંબાઈ **57 મીટર** અને પહોળાઈ **7.80 મીટર** રહેશે.

- વિશ્વના પ્રતિષ્ઠિત સાહિત્યિક પુરસ્કારમાંનો એક એટલે કે **આંતરરાષ્ટ્રીય બુકર પ્રાઈઝ** હવેથી નવા નામ **Bukhman International Booler Prize** તરીકે ઓળખાશે. આ ફેરફાર **Bukhman Philanthropies દ્વારા આવનારાં 10 વર્ષ માટે** પુરસ્કારને નાણાકીય સહાય આપવાની પ્રતિબદ્ધતા બાદ કરવામાં આવ્યો છે. આ નવા નામ બાદ વિજેતાને મળતી રકમ **50,000 યુરો (રૂ. 64 લાખ અંદાજે)થી વધારીને 1,00,000 યુરો (રૂ. 1.28 કરોડ અંદાજે)** કરવામાં આવી છે. આ ઉપરાંત શોર્ટલિસ્ટ થનાર **તમામને 5,000 યુરોનું** પ્રોત્સાહન આપવામાં આવશે. Bukhman Philanthropiesની સ્થાપના બ્રિટિશ ઉદ્યોગપતિ **દિમિત્રી બુખમેન અને તેમનાં પત્ની દારિયા બુખમેન** દ્વારા કરવામાં આવી છે. દિમિત્રી બુખમેન લોકપ્રિય **મોબાઇલ ગેમિંગ કંપની Playrixના સહ-સ્થાપક** છે. આ પુરસ્કારની રકમ લેખક અને અનુવાદક વચ્ચે સમાન ભાગે વહેંચવામાં આવશે. આ પુરસ્કાર સામાન્ય રીતે અંગ્રેજીમાં અનુવાદિત શ્રેષ્ઠ સાહિત્યિક કૃતિઓ માટે આપવામાં આવે છે.

- હૈદરાબાદ સ્થિત ખાનગી અવકાશ કંપની **Skyroot Aerospace** ભારતના પ્રથમ ખાનગી ઓર્બિટલ રોકેટ **'વિક્રમ-1'ને 'મિશન આગમન' (Mission Aagaman)** હેઠળ લોન્ચ કરશે. વિક્રમ-1 લગભગ સાત માળ જેટલી ઊંચાઈ ધરાવતું, ત્રણ તબક્કાવાળું લોન્ચ વાહન છે, જે 350 કિલોગ્રામ સુધીના નાના ઉપગ્રહોને નીચી પૃથ્વી કક્ષા (Low Earth Orbit)માં સ્થાપિત કરી શકે છે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય ઉડાન દરમિયાન પ્રોપલ્શન, ગાઇડન્સ અને સ્ટેજ સેપરેશન સહિતની તમામ સિસ્ટમ્સનું વાસ્તવિક પ્રદર્શન ચકાસવાનું છે.

- પોર્ટુગલના દિગ્ગજ ફૂટબોલર **ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ** 2026 FIFA World Cupની નોકઆઉટ મેચમાં ક્રોએશિયા સામે ગોલ કરીને ઇતિહાસ રચ્યો છે. 41 વર્ષની ઉંમરે તેઓ FIFA World Cupના નોકઆઉટ તબક્કામાં ગોલ કરનાર **સૌથી વયસ્ક ખેલાડી** બન્યા છે. આ ગોલ રોનાલ્ડોના વર્લ્ડ કપ નોકઆઉટ તબક્કામાં કારકિર્દીનો પ્રથમ ગોલ પણ હતો.

- રક્ષા મંત્રાલયે સશસ્ત્ર દળોની યુદ્ધ તૈયારીઓને વધારવા માટે રૂ. 52,000 કરોડના Capital Acquistion Proposalsને મંજુરી આપી. આ મંજુરી રક્ષા મંત્રાલયના **DAC (Defence Acquistion Council)** દ્વારા આપવામાં આવી છે. જે સેનાની લાંબા ગાળાની જરૂરીયાતો, આધુનિકીકરણ અને સુરક્ષા બાબતોને ધ્યાને રાખીને વિવિધ પ્રકારની ખરીદીઓ કરવા માટેની મંજુરી આપતી ઉચ્ચ સ્તરીય સંસ્થા છે. ભારત વર્તમાનમાં આત્મનિર્ભર ભારતના મંત્રને ડિફેન્સ ક્ષેત્રમાં પણ લાગુ કરવા માટે સતત પ્રયત્નશીલ છે,ત્યારે આ પ્રકારની મંજુરી દેશની ડિફેન્સ મેન્યુફેક્ચરિંગ ઇકોસિસ્ટમ માટે અત્યંત લાભદાયક માનવામાં આવે છે.

- ભારતનાં બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય દ્વારા પ્રથમ Made in India EXIM Shipping Container અંતર્ગત મેરીટાઈમ સેલ્ફ રિલાયન્સ તરફ આગળ વધતાં સમુદ્રી વેપાર અને લોજીસ્ટીક ક્ષેત્રે આત્મનિર્ભર બનવા માટેનું એક મહત્ત્વપૂર્ણ પગલું ભર્યું છે. ભારત સરકાર દ્વારા **1000 Made in India Containerનો ઓર્ડર** આપવામાં આવ્યો છે. EXIM Shipping Containerનો સંબંધ નિકાસ-આયાત વેપાર સાથે છે. EXIMનો અર્થ Export-Import થાય છે.

- Unique Identification Authority of India (UIDAI)એ નાગરિકોને વધુ સરળ અને ડિજિટલ સેવાઓ આપવા માટે Aadhaar App દ્વારા Email Address Update કરવાની સેવા 31 ડિસેમ્બર 2026 સુધી સંપૂર્ણપણે મફત આપવાની જાહેરાત કરી છે. આ પહેલનો હેતુ વધુમાં વધુ આધાર ધારકોના સંપર્ક વિગતો અપડેટ કરાવવાનો છે, જેથી OTP આધારિત સેવાઓ, ડિજિટલ ઓળખ અને વિવિધ સરકારી સેવાઓનો સરળતાથી લાભ મળી શકે. આધાર સાથે યોગ્ય Email ID જોડાયેલી હોવાથી e-KYC, ઓનલાઈન પ્રમાણિકરણ અને વિવિધ ડિજિટલ સેવાઓ વધુ સરળ બને છે. આ નિર્ણય Digital India, Ease of Living અને Paperless Governanceને વધુ મજબૂત બનાવે છે.

- ભારત અને પશ્ચિમ આફ્રિકાના દેશ માલી વચ્ચે વેપાર અને રોકાણને પ્રોત્સાહન આપવા માટે પ્રથમ India–Mali Forum for Promotion of Exportsનું આયોજન કરવામાં આવ્યું. આ મંચનો મુખ્ય હેતુ બંને દેશો વચ્ચે વેપાર, નિકાસ, રોકાણ અને ઉદ્યોગ સહયોગને નવી દિશા આપવાનો છે. ભારત માટે આફ્રિકા ઊર્જા સુરક્ષા, ખનિજ સંસાધનો, કૃષિ, દવાઓ અને વેપારના દૃષ્ટિકોણથી મહત્વપૂર્ણ છે. આ આયોજનના માધ્યમથી MSME, કૃષિ ઉત્પાદનો, ફાર્મા ઉત્પાદનોના મેન્યુફેક્ચરિંગમાં ભારતમાં નવા અવસરો અને રોજગારી પ્રાપ્ત થશે.

- વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગના વૈજ્ઞાનિકોએ **બિહારના મુંગેર જિલ્લામાં** સૌથી જૂનું વૈજ્ઞાનિક રીતે તારીખ નક્કી કરાયેલ વડનું વૃક્ષ (Oldest accurately dated Banyan Tree) શોધ્યું. આ સંશોધન લખનૌ સ્થિત બિરબલ સાહની ઇન્સ્ટિટ્યુટ ઑફ પેલિયોસાયન્સીસ (BSIP)ના વૈજ્ઞાનિકો ડૉ. ત્રિના બોઝ, ડૉ. મયંક શેખર અને ડૉ. અખિલેશ કે. યાદવ દ્વારા કરવામાં આવ્યું હતું. વૈજ્ઞાનિકોએ વૃક્ષના મૂળમાંથી **'આલ્ફા-સેલ્યુલોઝ'** કાઢીને **એક્સિલરેટર માસ સ્પેક્ટ્રોમેટ્રી (AMS) રેડિયોકાર્બન ડેટિંગ પદ્ધતિનો** ઉપયોગ કર્યો હતો. સ્થાનિક લોકવાયકા મુજબ એવું માનવામાં આવતું હતું કે આ વૃક્ષ લગભગ 300-350 વર્ષ જૂના ઐતિહાસિક **'બુર્રા બંગલો'ની** સાથે જ ઉગાડવામાં આવ્યું હતું. પરંતુ, વૈજ્ઞાનિક પૂરાવાઓએ સાબિત કર્યું કે આ વડનું વૃક્ષ તે બંગલા કરતાં પણ કેટલાંય વર્ષો જૂનું છે.

# 4 જુલાઈ

- વીજ ટ્રાન્સમિશન ટાવર અને હાઈ ટેન્શન લાઈન માટે ખેડૂતોને અપાતા વળતરમાં ગુજરાત રાજ્ય સરકાર દ્વારા નવો સુધારો કરવામાં આવ્યો. હવે જંત્રીના 200%ના આધારે વળતરને બદલે જમીનની બજાર કીંમતના 200%ના આધારે વળતર ચૂકવવામાં આવશે. બજાર કીંમત નક્કી કરવા માટે રાજ્ય સરકાર માર્કેટ કમિટીની રચના કરશે જેમાં કલેક્ટર ઉપરાંત અસરગ્રસ્ત ખેડૂતોના પ્રતિનિધિ અને ખેડૂતો દ્વારા અધિકૃત માર્કેટ વેલ્યુઅરને પણ સ્થાન આપવામાં આવશે. અગાઉ ટાવરના વાસ્તવિક પાયા જેટલા વિસ્તારનું જ વળતર આપવામાં આવતું હતું જ્યારે હવે દરેક બાજુએ વધારાના 1 મીટરની ગણતરી કરીને વળતર ચૂકવવામાં આવશે. આથી 756kv ટ્રાન્સમિશન લાઈનમાં અગાઉના 625 ચોરસ મીટરને બદલે હવે 729 ચોમી વિસ્તારનું વળતર મળશે. આ સિવાય અગાઉ ફાઉન્ડેશન તૈયાર થયે, ટાવર ઊભું કર્યે અને વાયરીંગ પૂર્ણ થયે એમ ત્રણ તબક્કામાં 40%, 40% અને 20% મુજબ ચૂકવણી કરવામાં આવતી હતી, જ્યારે હવેથી સમગ્ર વળતર એક જ સાથે અગાઉથી ચૂકવવામાં આવશે. રાઈટ ઓફ વે (ROW) માટે ગુજરાતે રાજસ્થાન જેવી જ ફોર્મ્યુલા અપનાવી છે. ગ્રામ્ય વિસ્તારમાં બજાર કીંમતના 30%, નગરપાલિકા વિસ્તારમાં 45% અને મહાનગરપાલિકા વિસ્તારમાં 60% પ્રમાણે વળતર ચૂકવાશે. જેમાં જે ખેડૂતોએ જૂની નીતિ મુજબ વળતર મેળવી લીધું છે પરંતુ તેમના ત્યાં વીજલાઈનનું કામ હજુ ચાલુ હશે તો તેમને પણ નવી નીતિનો લાભ મળશે.

- દેશભરમાં ઈ-રિક્ષાને વચ્ચે રસ્તે રોકવાવાળી 3 મોબાઈલ એપ પર કેન્દ્ર સરકારે કડક પગલાં લીધાં. સરકારે ચીની એપ્સ હટાવવાનો નિર્દેશ આપ્યો છે. આ એપ્સમાં **બેટ-બીએમએસ, એપૉક-આઈ-આયન અને લૉસિંગીનો સમાવેશ** થાય છે. તેને એન્ડ્રોઇડ અને આઈઓએસ (iOS) એપ સ્ટોર્સ પરથી હટાવી દેવામાં આવી છે. ગત એક અઠવાડિયાથી દેશમાં ઈ-રિક્ષા રસ્તા વચ્ચે અચાનક બંધ થવાની ઘટનાઓ સામે આવી હતી. એમપી, દિલ્હી-એનસીઆર, યુપી અને ઉત્તરાખંડમાં આવા મામલા સૌથી વધુ આવી રહ્યા હતા. આ એપ ચીની કંપની **શેનઝેન ગ્રેનેર્જી ટેક્નોલોજી** દ્વારા બનાવવામાં આવી છે. જેનો અસલી ઉદ્દેશ્ય લીથીયમ આયન બેટરીની હેલ્થ, ચાર્જિંગ અને તાપમાન પર વાયરલેસ નજર રાખવાનો છે.

- **મહારાષ્ટ્ર સરકારે** રાજ્યની તમામ શાળાના 500 મીટરના દાયરામાં એનર્જી ડ્રિંક અને અન્ય નશાકારક પદાર્થોના વેચાણ પર પ્રતિબંધ લાધો આ સાથે જ શાળાઓમાં એનર્જી ડ્રિંકના ગેરફાયદા વિશે અભિયાન ચલાવવાના આદેશ અપાયો છે.

- ઇડી (એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ)ની હૈદરાબાદ પ્રાદેશિક કચેરીએ રૂ. 792 કરોડની પોન્ઝી સ્કીમ (કૌભાંડ) સંબંધિત કેસમાં જપ્ત કરાયેલું હોકર 800એ જેટ વિમાન રૂ. 3 કરોડમાં હરાજી કર્યું. રાજીવ ગાંધી ઇન્ટરનેશનલ એરપોર્ટ પર સર્ચ ઓપરેશન દરમિયાન આ વિમાન જપ્ત કરવામાં આવ્યું હતું.

- IIT ગાંધીનગર ખાતે રૂ.190 કરોડના બજેટ સાથે 'સમર્થ' (SAMARTH) (સિલિકોન એન્ડ એડવાન્સ્ડ સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગ હબ)ની સ્થાપના કરાશે. આ પ્રોજેક્ટ માટે કેન્દ્ર સરકારના ઇલેક્ટ્રોનિક્સ મંત્રાલય, ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ તથા IIT ગાંધીનગર દ્વારા સંયુક્ત ફંડિંગ પૂરું પાડવામાં આવ્યું છે. 'સમર્થ' હબનો મુખ્ય ઉદ્દેશ્ય રાજ્યના એન્જિનિયરિંગ વિદ્યાર્થીઓ, પ્રોફેસર્સ અને ઔદ્યોગિક પ્રોફેશનલ્સને ઉદ્યોગોની માંગ અનુસાર આધુનિક તાલીમ આપીને 'ફેબ-રેડી' (સેમિકન્ડક્ટર પ્લાન્ટમાં કામ કરવા સક્ષમ) બનાવવાનો છે. IIT ગાંધીનગર ટૂંક સમયમાં

ગુજરાતની વિવિધ એન્જિનિયરિંગ કોલેજો સાથે એમઓયુ કરશે. જેથી વિદ્યાર્થીઓ નજીવા દરે સ્પેશિયલાઇઝ્ડ શોર્ટ ટર્મ સર્ટિફિકેટ કોર્સ અને સમર સ્કૂલનો લાભ લઈ શકશે.

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ **સાણંદ** ખાતે સીજી સેમિની OSAT (Outsourced Semiconductor Assembly and Test) સુવિધામાં સેમિકન્ડક્ટર ચીપ્સના વ્યવસાયિક ઉત્પાદનનો આરંભ કરાવ્યો. આ સાથે સાણંદમાંથી પ્રથમ વખત વ્યવસાયિક ધોરણે તૈયાર થતી ચીપ્સ દેશ-વિદેશના ગ્રાહકો સુધી પહોંચવા લાગશે. આ પ્રોજેક્ટમાં ₹7600 કરોડનું રોકાણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, કંપની અહીં હજુ બીજો પ્લાન્ટ પણ તૈયાર કરશે. બંનેમાં પૂર્ણ ક્ષમતાએ ઉત્પાદન શરૂ થયા બાદ દરરોજ અંદાજે 1.5 કરોડ ચીપ્સનું ઉત્પાદન કરવાની ક્ષમતા વિકસશે. હાલમાં પ્લાન્ટમાં 300થી વધુ કર્મચારીઓ કાર્યરત છે. સાણંદમાં માઇક્રોનની ATMP સુવિધા અને કાઇનેઝ સેમિકોનના OSAT પ્લાન્ટ બાદ હવે સીજી સેમિની શરૂઆતથી ગુજરાતમાં સેમિકન્ડક્ટર ઇકોસિસ્ટમ વધુ મજબૂત બનશે.

- સીજેઆઇ સૂર્યકાન્તે સુપ્રીમ કોર્ટના **ન્યાયાધીશ બી. વી. નાગરત્નને** સુપ્રીમ કોર્ટ કાનૂની સેવા સમિતિના અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા. આ સમિતિ ગરીબ અને નબળા લોકોને મફત કાનૂની સહાય અને સલાહ પૂરી પાડે છે.

- સંયુક્ત રાષ્ટ્રના ટકાઉ વિકાસ લક્ષ્યાંક સૂચકાંકમાં ભારત 167 દેશોમાં **94મા** ક્રમે છે. ભારતને 100માંથી 68.3નો સ્કોર મળ્યો છે. 2015થી ભારતનું રેન્કિંગ 18 સ્થાન સુધર્યું છે. ભૂખમરો, આરોગ્ય અને લિંગ સમાનતા જેવાં ક્ષેત્રોમાં મુખ્ય પડકારો હજુ પણ છે. ભારત આ રેન્કિંગમાં ભૂટાન, માલદીવ્સ, નેપાળ અને શ્રીલંકા જેવા દેશોથી પાછળ છે.

- વૈજ્ઞાનિકોએ અમેરિકાના **કોલોરાડોમાં** 66 મિલિયન વર્ષ જૂના પુર્ગાટોરિયસ નામના સસ્તન પ્રાણીના દાંત શોધી કાઢ્યા. ડાયનાસોરના લુપ્ત થયા પછી આ પ્રાણી ઝાડ પર રહેતું હોવાના પુરાવા જોવા મળ્યા છે. આ શોધ સૂચવે છે કે પ્રારંભિક પ્રાઈમેટ્સ ઉત્તર અમેરિકાના દક્ષિણ ભાગોમાં પહેલા માનવામાં આવતા હતા તેના કરતાં વધુ વ્યાપક હતા.

## 5 જુલાઈ

- અમેરિકી અંતરિક્ષ એજન્સી **નાસાએ** પોતાની 22 વર્ષ જૂની **'નીલ ગેહરેલ્સ સ્વિફ્ટ ઓબ્ઝર્વેટરી'**ને પૃથ્વી પર પડવાથી બચાવવા માટે ઇતિહાસનું પહેલું **રોબોટિક રેસ્ક્યુ મિશન** શરૂ કર્યું છે. 2004માં લોન્ચ કરાયેલું આ અંતરિક્ષ ટેલિસ્કોપ ગામા-રે વિસ્ફોટ, સુપરનોવા અને બ્રહ્માંડની અન્ય અત્યંત ઊર્જાવાન ઘટનાઓનો અભ્યાસ કરે છે. પરંતુ, તાજેતરનાં વર્ષોમાં તેજ સૌર વાવાઝોડાને કારણે ટેલિસ્કોપ પર ઘર્ષણ વધી ગયું છે અને તે ઝડપથી નીચે આવી રહ્યું છે. નાસાએ ખાનગી કંપની **કેટલિસ્ટ સ્પેસ ટેક** સાથે મળીને આશરે રૂ. 286 કરોડનું મિશન શરૂ કર્યું છે. આ માટે એક નાનું રોબોટિક યાન અવકાશમાં મોકલવામાં આવ્યું છે. આ યાન એક મહિના પછી સ્વિફ્ટ ઓબ્ઝર્વેટરી પાસે પહોંચીને પોતાના રોબોટિક હાથથી તેને પકડી લેશે. આ પછી તેને અવકાશમાં ઉપરની કક્ષામાં ધકેલવામાં આવશે. જો આ મિશન સફળ રહેશે તો તેનું આયુષ્ય વધી જશે.

- ભારતમાં પહેલીવાર **આસામના** છોટા તિંગરાઇ ટી એસ્ટેટમાં **'માચા'** ચાનું વ્યાવસાયિક ઉત્પાદન શરૂ થયું છે. જાપાની નિષ્ણાતો સાથે 10 વર્ષના સહયોગથી તૈયાર થયેલી પહેલી 5 કિલોની બેચ રૂ. 15,000માં વેચાઈ.

મુખ્યમંત્રી હિમંતાએ જણાવ્યું કે વૈશ્વિક માર્કેટમાં આસામ ચાની ઓળખ મજબૂત થશે. **માચા** જાપાનની પરંપરાગત ગ્રીન ટીનો પાવડર છે. તેમાં વધુ એન્ટીઓક્સીડન્ટ જોવા મળે છે.

- 15 વર્ષ 99 દિવસનો **વૈભવ સૂર્યવંશી** ઇંગ્લેન્ડ સામેની ટી20 મેચમાં મેદાન પર ઉતરતાની સાથે જ **ભારત તરફથી સૌથી યુવા આંતરરાષ્ટ્રીય ક્રિકેટર** બન્યો. તેણે સચિન તેંડુલકરનો રેકોર્ડ તોડ્યો, જેમણે 1989માં 16 વર્ષ 205 દિવસની ઉંમરે પાકિસ્તાન સામે ડેબ્યૂ કર્યું હતું. વૈભવને તિલક વર્માએ ડેબ્યૂ કેપ સોંપી હતી.

- જમણેરી નેતા **કેઇકો ફુજીમોરી** પેરુની રાષ્ટ્રપતિ ચૂંટણીમાં વિજેતા જાહેર થયા. તેમણે રોબર્ટો સાંચેઝને હરાવીને 50.13% મત મેળવ્યા. કેઇકો ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ **આલ્બર્ટો ફુજીમોરીની** પુત્રી છે. તેઓ પેરુનાં 10માં રાષ્ટ્રપતિ બનશે. તેમની જીતને લેટિન અમેરિકામાં જમણેરી તરફ વધતા વલણ તરીકે જોવામાં આવી રહી છે.

- વિશ્વ બેંકે **શ્રીલંકાને** નીચલા-મધ્યમ આવકવાળા અર્થતંત્રમાંથી ઉચ્ચ-મધ્યમ-આવકવાળા અર્થતંત્રમાં અપગ્રેડ કર્યું. 2022ના આર્થિક સંકટ પછી આ દેશ માટે એક મોટી સિદ્ધિ છે. બેંક અનુસાર, 2025માં શ્રીલંકાની અર્થવ્યવસ્થા 5% વધશે. જે પ્રવાસન, નાણાકીય સેવાઓ અને વિદેશથી આવતા રેમિટન્સમાં વધારો થવાને કારણે છે.

- માઈક્રોસોફ્ટ, સિંગટેલ અને ટાટા કોમ્યુનિકેશન્સે **'I-2SEA'** સબમરીન કેબલ સિસ્ટમ બનાવવા માટે કરાર પર હસ્તાક્ષર કર્યા. આ આશરે 3,600 કિલોમીટરનો કેબલ ભારતને મલેશિયા અને સિંગાપોરમાં AI હબ સાથે જોડશે. ભારતમાં તેના બે લેન્ડિંગ પોઇન્ટ **મછલીપટ્ટનમ** અને **દક્ષિણ ચેન્નાઈમાં** સ્થિત હશે.

## 6 જુલાઈ

- ભારતે **આંધ્રપ્રદેશના ઊંડાવલ્લી હેલીપોર્ટ ખાતે** દેશની **પ્રથમ 'પોઈન્ટ-ઈન-સ્પેસ' (PinS) પ્રક્રિયાને મંજૂરી** આપી મોટી સિદ્ધિ મેળવી છે. એએઆઇ દ્વારા વિકસિત અને ડીજીસીએ દ્વારા મંજૂર આ સેટેલાઇટ ટેકનોલોજીથી ખરાબ હવામાનમાં પણ હેલિકોપ્ટરનું સુરક્ષિત લેન્ડિંગ થઇ શકશે. એરપોર્ટ ઓથોરીટી ઓફ ઇન્ડિયા દ્વારા આ પ્રક્રિયા વિકસાવવામાં આવી છે, જેને ડીરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન દ્વારા મંજુરી આપવામાં આવી છે.

- ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશને જોડતો **દુર્ગમ ખિમલોગા પાસ** આખરે 17 વર્ષ પછી ટ્રેકર્સ દ્વારા પાર કરવામાં આવ્યો છે. 17,260 ફૂટની ઊંચાઇ પર આવેલા આ બર્ફીલા પાસને 16 સભ્યોના પર્વતારોહણ દળે સફળતાપૂર્વક પાર કરીને નવો વિક્રમ સર્જ્યો છે. વર્ષ 2009 પછી ખિમલોગા પાસની આ પ્રથમ સફળ ટ્રેકિંગ ઇવેન્ટ માનવામાં આવી રહી છે. આ અભિયાનનું સંચાલન ટ્રેકિંગ સંસ્થા **ડિસ્કવરી હાઇકે** કર્યું હતું.

- **આસામ વિધાનસભામાં** હવે **અસમિયા, અંગ્રેજી અને બોડોની** સાથે **હિંદી** પણ સત્તાવાર ભાષા બનશે. આ નિર્ણય જનરલ પર્પઝ કમિટીની બેઠકમાં લેવાયો છે. નવી વ્યવસ્થા આગામી બજેટ સત્રથી લાગુ થશે. સીએમ હિમંતાએ જણાવ્યું હતું કે બોડો ભાષાને હટાવવાનો કોઇ પ્રસ્તાવ નથી.

- છત્તીસગઢની લોક આત્મા અને **પંડવાનીનાં** અપ્રતિમ સાધિકા, પદ્મ વિભૂષણ **ડૉ. તીજન બાઈનું** નિધન થયું. 1956માં પારધી અનુસૂચિત જનજાતિમાં જન્મેલાં તીજન બાઇ પોતાના નાના **બ્રજલાલ** પાસે મહાકાવ્ય મહાભારતના પ્રસંગો સાંભળીને મોટાં થયાં હતાં. તેમનાથી પ્રભાવિત થઇને કોઇપણ તાલીમ વિના સંસ્કૃત

મહાભારતનાં તમામ 18 પર્વોને 21 દિવસમાં મોઢે યાદ કરી લીધાં હતાં. પાંડવાની એટલે પાંડવોનો અવાજ અને તે મહાભારત કથા પર આધારિત લોક કલા શૈલી છે. જ્યારે તીજન કાપાલિક શૈલીમાં દ્રૌપદી ચીર-હરણનો પ્રસંગ સંભળાવતાં, ત્યારે સામે બેઠેલી ઘણી મહિલાઓ રડી પડતી હતી.

- 6 જુલાઈ 1985ના દિવસે પ્રસિદ્ધ ફ્રાંસીસી વૈજ્ઞાનિક લુઈ પાશ્ચર દ્વારા પહેલીવાર સફળ હડકવાની રસીની શોધ કરવામાં આવી હતી. તેના માનમાં 6 જુલાઈ વિશ્વ ઝૂનોસિસ દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસ લોકોને **ઝૂનોટિક** રોગોનાં જોખમો અને માનવ અને પ્રાણીઓના સ્વાસ્થ્ય પરની અસરો વિશે શિક્ષિત કરે છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અનુસાર, 60% જાણીતા ચેપી રોગો અને 75% ઉભરતા ચેપી રોગો ઝૂનોટિક છે. ઝૂનોટિક રોગો એ પ્રાણી અને મનુષ્ય વચ્ચેના સંપર્કના લીધે ફેલાય છે. તેમાં **બર્ડ ફ્લૂ, સ્વાઈન ફ્લૂ, હડકવા, પ્લેગ, ગ્લેડર, બુરસેલોસીસ, નીપાહ, લેંપ્ટોસ્પાયરસીસ, ટીબીનો** સમાવેશ થાય છે.

- ગુજરાત રાજ્યના ગૃહ વિભાગ દ્વારા મહિલાઓ અને બાળકોને ઓનલાઈન સાઈબર ગુનાઓથી બચાવવા માટે 28 દિવસનું ખાસ **ઓપરેશન સુરક્ષિત સાયબર સ્પેસ અભિયાન** શરૂ કરવામાં આવ્યું. આ અભિયાન અંતર્ગત ફરિયાદ દાખલ થયાના 24 કલાકની અંદર પોલીસ દ્વારા પ્રાથમિક કાર્યવાહી શરૂ કરવામાં આવશે. સ્થાનિક SHE Team અને સાયબલ પોલીસ સ્ટેશન દ્વારા આ અભિયાનને સફળ બનાવવા માટે પ્રયત્નો કરવામાં આવશે.

## 7 જુલાઈ

- અયોધ્યા રામ મંદિર દાન ચોરી કૌભાંડને લઈને ટ્રસ્ટના **મહસચિવ ચંપત રાય અને ટ્રસ્ટી ડો. અનિલકુમાર મિશ્રાનું** પદ પરથી રાજીનામું સ્વીકારવામાં આવ્યું, પરંતુ તેઓ ટ્રસ્ટના સભ્ય તરીકે યથાવત રહેશે. પૂર્વ આઇએફએસ અધિકારી **કૃષ્ણા મોહન** ટ્રસ્ટના નવા વચગાળાના જનરલ સેક્રેટરી તરીકે નિયુક્ત થયા છે. તાજેતરમાં મળેલી બેઠક અનુસાર હવેથી ટ્રસ્ટ ચલાવવા માટે મુખ્ય કાર્યકારી અધિકારી (CEO)ની નિમણૂક કરવામાં આવશે. આ માટે ત્રણ સભ્યોની સમિતિ બનાવવામાં આવશે. જેમાં નિવૃત ન્યાયાધીશ પ્રમોદ કોહલી, નિવૃત લે. જ. વિષ્ણુકાન્ત ચતુર્વેદી અને સુરેશ હાવડે સામેલ થશે.

- વડાપ્રધાન નરેન્દ્ર મોદી **જકાર્તાની મુલાકાતે** પહોંચ્યા. ઇન્ડોનેશિયન ફાઇટર જેટ્સ દ્વારા વડાપ્રધાનના **'ઇન્ડિયા 1'** વિમાનને એસ્કોર્ટ કરાયું. ઇન્ડોનેશિયાના **રાષ્ટ્રપતિ પ્રબોવો સુબીયાંતોએ** વડાપ્રધાન મોદીનું સ્વાગત કર્યું હતું. મોદીએ અહીં આવેલા સૌથી મોટા **હિંદુ મંદિર પ્રમ્બાનનની** મુલાકાત લીધી.

- ગુજરાત રાજ્યમાં પ્રથમવાર દક્ષિણ કોરિયા અને જાપાનની અત્યાધુનિક ટેકનોલોજીનો સમન્વય કરીને બે **'એર-ફિલ્ડ રબર ડેમ' (હવા ભરેલા ડેમ)** બનાવવામાં આવી રહ્યા છે. આ પ્રોજેક્ટ્સ **છોટાઉદેપુરની હેરણ નદી અને તાપીની અંબિકા નદી** પર 3.5 MCM જળસંગ્રહની ક્ષમતા સાથે રૂ.162 કરોડના સંયુક્ત ખર્ચે નિર્માણાધિન છે, જે દક્ષિણ અને મધ્ય ગુજરાતના અંતરિયાળ વિસ્તારોના ખેડૂતો માટે સંજીવની સમાન સાબિત થશે તેવો દાવો સરકારે કર્યો છે. તેનાથી દરિયાની ખારાશ પણ આગળ વધતી અટકશે. એર-ફિલ્ડ રબર ડેમ ટેક્નોલોજીની સંપૂર્ણ ડિઝાઇન જાપાનીઝ કોડ મુજબ છે. તેમાં **18 MMથી 32 MM જાડાઈનું ખાસ રબર 50 ડિગ્રીથી વધુ તાપમાન** સહન કરી શકે છે અને તેનું આયુષ્ય **30 વર્ષ** છે. આ કમ્પ્યુટરથી રબરમાં હવા ભરાશે અને ખાલી થશે. ચોમાસામાં પૂર આવે ત્યારે રબરની હવા નીકાળી દેવાથી પાણી સરળતાથી વહી જશે અને કાંપ જમા નહિ થાય. ગુજરાતમાં બની રહેલા આ રબર ડેમ પદ્ધતિ ભારતના જળસંચય મોડેલને બદલી નાખશે. સ્ટીલના દરવાજાવાળા ડેમ ચોમાસામાં પૂરના પાણીને અવરોધે છે અને

કાંપ જમા કરે છે, જ્યારે આ સ્માર્ટ રબર ડેમ પૂરની સ્થિતિમાં પોતાની મેળે **'ડિફ્લેટ'** (બેસી) જઈને પૂરના પાણીને ગણતરીની મિનિટોમાં બહાર કાઢી નાખશે.

- તેલંગાણાની ખાનગી રક્ષા કંપની **દ્વિપા ડિફેન્સ અને ડીઆરડીઓ** મળીને રેકોર્ડ 100 દિવસમાં **'ઉગ્રમ'** બેટલ રાઈફલ વિકસિત કરી છે**.** તેમાં 7.62×51 મીમી કેલીબરની સેનામાં ઉપયોગમાં લેવાતી સૌથી શક્તિશાળી કારતુસ ઉપયોગમાં લેવામાં આવશે. તેનું વજન 4 કિગ્રાથી ઓછું હોવાથી લાંબા ઓપરેશન સમયે તેણે ચલાવવી સરળ રહે છે. તેની મારક ક્ષમતા **500 મીટરની** છે.

- ઓપરેશન સિંદૂર બાદ ભારત અને પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદ કચ્છ નજીક સુરક્ષા અને અભેદ તૈયારીઓથીને ધ્યાન રાખતાં પાકિસ્તાને સિરક્રિક વિસ્તારમાં **'અબાલીલ'** યુદ્ધ અભ્યાસનું આયોજન કર્યું.

- એપ્રિલ 2025થી માર્ચ 2026 દરમિયાન, ભારતમાં **125 નવા ભૌગોલિક સંકેત (GI) ટેગ** નોંધાયા હતા. **મધ્યપ્રદેશ** 26 નવા GI ટેગ સાથે પ્રથમ ક્રમે છે. ખજુરાહો સ્ટોન ક્રાફ્ટ અને ગ્વાલિયર પેપર માચે GI ટેગ મેળવ્યા છે. પશ્ચિમ બંગાળ 24 નવા ટેગ સાથે બીજા ક્રમે છે. હવે, **દેશમાં કુલ 822** GI ટેગ છે. કુલ GI ટેગમાં **ઉત્તર પ્રદેશ** પ્રથમ ક્રમે છે અને **તમિલનાડુ** બીજા ક્રમે છે.

## 8 જુલાઈ

- વડાપ્રધાન **નરેન્દ્ર મોદીને** ઈન્ડોનેશિયાના સર્વોચ્ચ સન્માન **બિન્તાંગ આદિપૂર્ણાથી** નવાજવામાં આવ્યા. પીએમ મોદીને મળેલો આ **35મો આંતરરાષ્ટ્રીય એવોર્ડ** છે. મોદી આ સન્માન મેળવનાર બીજા ભારતીય પીએમ છે. પ્રથમ પીએમ **જવાહરલાલ નેહરુને** 1995માં મરણોપરાંત આ એવોર્ડ આપવામાં આવ્યો હતો.

- **ભારત અને ઇન્ડોનેશિયા વચ્ચે** પ્રથમ વખત અંદાજે સાડા પાંચ હજાર કરોડ રૂપિયાનો મહત્વનો સંરક્ષણ કરાર થયો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના ઈન્ડોનેશિયા પ્રવાસ દરમિયાન આ ડીલની જાહેરાત કરી હતી. ઇન્ડોનેશિયા ભારત પાસેથી **બ્રહ્મોસ અને અસ્ત્ર મિસાઇલો** ખરીદશે. પીએમ મોદીએ ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાંતો સાથે અન્ય 14 સેક્ટરમાં કરાર પર હસ્તાક્ષર કર્યા.

- સરદાર સરોવર નર્મદા પ્રોજેક્ટને લઈને છેલ્લા ત્રણ દાયકાથી ગુજરાત, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન વચ્ચે ચાલતો નાણાકીય વિવાદ આખરે સમાપ્ત થયો. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલની હાજરીમાં ચારેય રાજ્યોએ નર્મદા એવોર્ડ હેઠળની બાકી નાણાકીય ચૂકવણીઓના **વન-ટાઇમ સેટલમેન્ટ (OTS)** પર હસ્તાક્ષર કર્યા. આ સમજૂતી મુજબ ત્રણેય ભાગીદાર રાજ્યોએ ગુજરાતને પ્રતિ રાજ્ય 550 કરોડ લેખે કુલ 1650 કરોડ રૂપિયા ચૂકવવા સહમતિ દર્શાવી છે. સરદાર સરોવર પ્રોજેક્ટમાં ડેમ, વીજ ઉત્પાદન, નહેરો, પુનર્વસન અને અન્ય ખર્ચ ચારેય રાજ્યો વચ્ચે વહેંચવાનો હતો. આ વસૂલીના કારણે વર્ષોથી અટકેલી કરોડોની રકમ ગુજરાત સરકારને મળશે. જેનાથી સરદાર સરોવર નર્મદા નિગમની નાણાકીય સ્થિતિ મજબૂત બનશે.

- રાષ્ટ્રીય મહિલા આયોગ **(NCW)** દ્વારા મુશ્કેલીમાં મુકાયેલી મહિલાઓને તાત્કાલિક સહાય, ફરિયાદ નોંધણી અને મનોવૈજ્ઞાનિક કાઉન્સેલિંગ પૂરું પાડવા માટે ટોલ ફ્રી હેલ્પલાઇન નંબર **14490** શરૂ કરવામાં આવ્યો છે. આ હેલ્પલાઇન 24 કલાક અને અઠવાડિયાના સાતેય દિવસ કાર્યરત રહે છે. હિંસાથી પ્રભાવિત મહિલાઓ માટે કાઉન્સેલિંગની સુવિધા છે. 18 વર્ષ કે તેથી વધુ ઉંમરની તમામ મહિલાઓ અને યુવતીઓ

આ સેવાનો લાભ મેળવી શકે છે. આયોગ દ્વારા દરેક ફરિયાદને યુનિક કેસ નંબર આપીને તપાસ કરવામાં આવશે અને ગંભીર ગુનાઓના કિસ્સામાં NCW પોલીસ સત્તાવાળાઓ સાથે સંકલન કરીને અથવા વિગતવાર તપાસ માટે ઇન્ક્વાયરી કમિટીની રચના કરવામાં આવશે.

- ગુજરાતમાં સર્પદંશની સારવારને વધુ સચોટ અને અસરકારક બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા વલસાડ જિલ્લાના **ધરમપુર** ખાતે આવેલ **સર્પ સંશોધન કેન્દ્ર** દ્વારા ગુજરાતના સ્થાનિક ઝેરી સાપોમાંથી મેળવેલું ઝેર તેલંગણાની **વિન્સ બાયો પ્રોડક્ટ લિમિટેડ કંપનીને** સોંપવામાં આવશે. આ ઝેરમાંથી ગુજરાત પોતાનું પ્રથમ **એન્ટી સ્નેક વેનમ** તૈયાર કરશે. આ અંતર્ગત વર્ષ 2030 સુધીમાં સર્પદંશથી થતા મૃત્યુમાં 50 ટકાનો ઘટાડો કરવાનો લક્ષ્યાંક છે, જેમાં ગુજરાતનું આ પગલું મહત્વનું યોગદાન આપશે.
- ગુજરાત સરકારે સંશોધન માટે પાવડર સ્વરૂપે સોંપેલું ઝેર:
  - ભારતીય નાગ (કોબ્રા)-33.37 ગ્રામ
  - કાળોતરો -2.67 ગ્રામ
  - ખડચિતરો -30.82 ગ્રામ
  - ફુરસા - 1.71 ગ્રામ

## 9 જુલાઈ

- કેન્દ્રીય શિક્ષણ વિભાગ દ્વારા જાહેર કરાયેલા રિપોર્ટ યુનિફાઇડ ડિસ્ટ્રિક ઇન્ફર્મેશન સિસ્ટમ ઑફ એજ્યુકેશન પ્લસ (UDISE+) 2025-26 મુજબ, રાજ્યમાં 5-17 વર્ષના એટલે કે ધો. 1થી 12માં ભણવાલાયક 1.36 કરોડ વિદ્યાર્થી હતા, તેમાંથી 1.06 કરોડ વિદ્યાર્થીઓએ સ્કૂલમાં એડમિશન લીધું હતું. આ સાથે ધોરણ-1માં પ્રવેશ લેતાં દર 100માંથી 45થી વધુ વિદ્યાર્થીઓ ધોરણ 12 સુધી પહોંચતાં નથી. ગુજરાતમાં 5 થી 17 વર્ષનાં 30.63 લાખ બાળકો સ્કૂલે જતાં નથી.
- **કોમનવેલ્થ ગેમ્સ** 23 જુલાઈથી 2 ઓગસ્ટ દરમિયાન **સ્કોટલેન્ડના ગ્લાસગોમાં** યોજાશે. ભારતીય રમતવીરો અને અધિકારીઓ પહેલીવાર **શણ-વિસ્કોસ મિશ્રિત સત્તાવાર ગણવેશ** પહેરશે. આ ગણવેશ **100% બાયોડિગ્રેડેબલ** છે. આ પહેલી આંતરરાષ્ટ્રીય મલ્ટી-સ્પોર્ટ ઈવેન્ટ હશે જેમાં કોઇ દેશની ટુકડી શણનાં કપડાં પહેરશે. ભારતીય ટુકડીમાં 124 સભ્યો હશે અને તેને નેશનલ જ્યુટ બોર્ડ, ગ્લુસેસ્ટર જ્યુટ મિલ્સ અને NIFT દ્વારા સંયુક્ત રીતે વિકસાવવામાં આવ્યું છે.
- સરકારે જૈવવિવિધતા અધિનિયમ, 2002ની કલમ 39 હેઠળ **મિઝોરમ યુનિવર્સિટીના નેચરલ હિસ્ટ્રી મ્યુઝિયમને દેશના 21મા નિયુક્ત ભંડાર** તરીકે જાહેર કર્યું. નિયુક્ત ભંડાર સંસ્થા એ છે જે પ્રમાણિત જૈવિક નમૂનાઓનું જતન કરે છે. જેનો ઉપયોગ પ્રજાતિઓની ઓળખ, સંશોધન રેકોર્ડ રાખવા માટે થાય છે. આ સંસ્થા મુખ્યત્વે ફર્ન, મેક્રોફંગી, સરીસૃપ, ઉભયજીવી, મીઠા પાણીની માછલી જેવા ઓછા અભ્યાસ કરાયેલા જૂથોના નમૂનાઓ સાચવવાનું કામ કરશે.

- રાજકોટની **સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના** રસાયણશાસ્ત્ર વિભાગ તથા ચિરંતન રસાયણ સંસ્થાના સંયુક્ત ઉપક્રમે ત્રણ દિવસીય **'RASAYAN-23' ઇન્ટરનેશનલ સિમ્પોઝિયમનો** આર્ટ ગેલેરી ખાતે પ્રારંભ થયો છે. આ વર્ષે પરિસંવાદની મુખ્ય થીમ **'સાયન્સ બિયોન્ડ બાઉન્ડ્રીઃ ઇન્વેન્શન, ડિસ્કવરી, ઇનોવેશન એન્ડ સોસાયટી'** રાખવામાં આવી છે. દેશના પદ્મ-વિભૂષણથી સન્માનિત પરમાણુ વૈજ્ઞાનિક **ડૉ. અનિલ કાકોડકરના** હસ્તે દીપ પ્રાગટ્ય કરી આ આંતરરાષ્ટ્રીય પરિસંવાદનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. જેમાં તેમણે કહ્યું હતું કે થોરિયમ આધારિત પરમાણુ ઊર્જામાં ભારત વિશ્વમાં અગ્રેસર બનશે. ભારતની ઊર્જા આત્મનિર્ભરતા માટે થોરિયમ આધારિત પરમાણુ ઊર્જા કાર્યક્રમ અત્યંત મહત્ત્વપૂર્ણ છે. દેશમાં ઉપલબ્ધ થોરિયમના વિશાળ ભંડારના કારણે ભારત ભવિષ્યમાં પરમાણુ ઊર્જા ક્ષેત્રે વિશ્વમાં અગ્રણી સ્થાન પ્રાપ્ત કરવાની ક્ષમતા ધરાવે છે. કોઈપણ દેશનો વિકાસ તેના પ રમાણુ ઊર્જાના અસરકારક ઉપયોગ પર નિર્ભર છે.

- અમદાવાદના કાલુપુર સ્થિત હવેલીના આચાર્ય **શ્રી રણછોડલાલજી ગોસ્વામીને** કેન્દ્ર સરકારના સંસ્કૃતિ મંત્રાલય દ્વારા 'ઉસ્તાદ બિસ્મિલ્લાહ ખાન યુવા પુરસ્કાર-2025' આપવાની જાહેરાત કરાઈ. આશરે 550 વર્ષ જૂની પુષ્ટિમાર્ગીય હવેલી સંગીત પરંપરાને આટલું મોટું રાષ્ટ્રીય સન્માન મળ્યું હોય તેવી આ પ્રથમ ઘટના છે. હવેલી સંગીત એ પ્રબંધ, ધ્રુપદ અને ધમાર જેવી પ્રાચીન ભારતીય ગાયન શૈલીનું મૂળ સ્વરૂપ છે. માત્ર 32 વર્ષની વયે તેઓએ 22000થી વધુ ભક્તિપદોની રચના કરી છે અને આઠ પુસ્તકોનું સર્જન કર્યું છે. તેઓ ગુજરાત યુનિવર્સિટીના હવેલી સંગીત અભ્યાસક્રમમાં તજજ્ઞ તરીકે પણ સેવા આપે છે. વ્રજભાષા, ગુજરાતી, સંસ્કૃત ઉપરાંત ચારણી, મેવાડી અને મારવાડી જેવી ભાષાઓમાં તેમની રચનાઓ જોવા મળે છે.

## 10 જુલાઈ

- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અને ઉલ્લાસ કાર્યક્રમ હેઠળ **ઉત્તરાખંડ** દેશનું છઠ્ઠું સંપૂર્ણ સાક્ષર રાજ્ય બન્યું. અગાઉ મિઝોરમ, ગોવા, ત્રિપુરા, હિમાચલ પ્રદેશ અને સિક્કિમને આ દરજ્જો મળી ચૂક્યો છે.

- **ગુજરાત સરકારે** દેશના સૌથી મોટા ડેટા સેન્ટરની સ્થાપના માટે ડેટા સેન્ટર પોલિસી અમલમાં મૂકીને AI અને કલાઉડ ઇકોનોમીમાં વૈશ્વિક રોકાણને આકર્ષવા માટે રોડમેપ જાહેર કર્યો. સરકારે **2029** સુધીમાં **7.5 ગીગાવોટ ડેટા સેન્ટર ક્ષમતા** વિકસાવવાનું લક્ષ્યાંક આપ્યું છે. આ માટે 150 કે તેથી વધુ મેગા વોટના પ્રોજેક્ટને **20 વર્ષ સુધી** વીજ સબસીડી, ટેક્સમાં છૂટછાટ, સ્ટેમ્પ ડ્યુટી માફ અને વ્યાજ સહાય સહિતના અનેક લાભો આપવામાં આવશે. આવનારાં બે વર્ષમાં સરકારનો 32 અબજ ડોલરના રોકાણનો પ્રસ્તાવ છે. જેના આધારે સરકાર ગિફ્ટ સીટી, ધોલેરા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, વડોદરાને જોડીને કલાઉડ, એઆઇ અને ડિજિટલ સર્વિસીસને મજબૂત ઇકોનોમી બનાવશે.

- **બ્રિક્સ રાષ્ટ્રોની** ડ્રગ વિરોધી એજન્સીઓએ ડ્રગ હેરફેરને રોકવા માટે **'ગુવાહાટી ઘોષણા'** અપનાવી છે. આસામના ગુવાહાટીમાં યોજાયેલી બે દિવસીય બેઠક દરમિયાન, ગેરકાયદેસર ડ્રગ નેટવર્કને તોડી પાડવા માટે વાસ્તવિક સમયની માહિતી શેર કરવા પર સર્વસંમતિ સધાઈ હતી.

- **ભારત** સ્પેનને પાછળ છોડીને **વિશ્વમાં ચોથા ક્રમે LNG રિગેસિફિકેશન ક્ષમતા** ધરાવતો દેશ બન્યો છે. ઇન્ટરનેશનલ ગેસ યુનિયન (IGU)ના અહેવાલ મુજબ, ભારતે 2025 માટે તેની LNG ક્ષમતામાં 52.5 મિલિયન ટનનો વધારો નોંધાવ્યો છે.

- શિપિંગ મંત્રાલયે ગાંધીનગર સ્થિત ટેક્સ-ફ્રી ગિફ્ટ સિટીમાં કાર્યરત કંપનીઓને મોટી રાહત આપી છે. હવે આ એકમો ડાયરેક્ટોરેટ જનરલ ઓફ મેરિટાઈમ એડમિનિસ્ટ્રેશન (DGMA)ની પરવાનગી લીધા વિના પણ વિદેશી જહાજો ભાડે રાખી શકશે. આ કાયદાના કડક નિયમોને લીધે કોમોડિટી ટ્રેડિંગ સાથે જોડાયેલી ભારતીય કંપનીઓ વૈશ્વિક સ્તરે વેપાર કરવા માટે વિદેશી જહાજો સરળતાથી ભાડે રાખી શકતી નહોતી અને તેનાથી તેમના બિઝનેસને નુકસાન થતું હતું. હવે આ મુક્તિ મળતા ગિફ્ટ સિટીના એકમો વૈશ્વિક સ્તરે વધુ ઝડપથી વેપાર કરી શકશે.

- 10 જુલાઈ રાષ્ટ્રીય મત્સ્ય ખેડૂત દિવસ. આ દિવસ વૈજ્ઞાનિક **ડો. કે. એચ. અલીકુંહીં અને ડો. એચ. એલ. ચૌધરીની** યાદમાં મનાવવામાં આવે છે. તેમણે આ દિવસે 1957માં માછલીમાં પ્રજનન પ્રેરિત કરવા માટેની તકનીક હાયપોફિઝેશન રજુ કરી હતી. ભારત વિશ્વમાં મત્સ્ય ઉત્પાદનમાં **બીજો** સૌથી મોટો દેશ છે. અને **ભારતમાં આંધ્રપ્રદેશ, પશ્ચિમ બંગાળ અને ગુજરાત** અનુક્રમે પ્રથમ, બીજા અને ત્રીજા સ્થાને છે.

- વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્તોએ ઇન્ડોનેશિયાના યોગ્યાકાર્તા સ્થિત **પ્રમ્બાનન મંદિર સમૂહ** ખાતે મંદિર સંકુલના સંરક્ષણ અને પુનઃસ્થાપન પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો. ભારતના સહયોગ અંતર્ગત આ પ્રોજેક્ટનું અમલીકરણ Archaeological Survey of India દ્વારા કરવામાં આવશે. પ્રમ્બાનન મંદિર સમૂહ **ઇન્ડોનેશિયાનું સૌથી મોટું હિંદુ મંદિર સંકુલ** છે. તેનું નિર્માણ 9મી સદીમાં કરવામાં આવ્યું હતું. મંદિર હિંદુ ધર્મના ત્રિમૂર્તિ ભગવાન **શિવ, વિષ્ણુ અને બ્રહ્માને** સમર્પિત છે. મંદિરની દિવાલો પર કોતરાયેલાં રામાયણનાં શિલ્પો ભારત અને ઇન્ડોનેશિયા વચ્ચેના પ્રાચીન સાંસ્કૃતિક અને ધાર્મિક સંબંધોની સાક્ષી આપે છે. 1991માં UNESCO દ્વારા તેને વર્લ્ડ હેરિટેજ સાઇટ તરીકે માન્યતા આપવામાં આવી હતી.

- ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન **સૌરવ ગાંગુલીને** ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલના પ્રતિષ્ઠિત ICC હોલ ઓફ ફેમમાં સામેલ કરવામાં આવ્યા. સૌરવ ગાંગુલી આ સન્માન મેળવનાર 12મા ભારતીય અને 10મા પુરુષ ક્રિકેટર બન્યા છે.

## 11 જુલાઈ

- સંસદની સંયુક્ત સમિતિ 2029ની લોકસભા ચૂંટણી સુધી 'એક દેશ, એક ચૂંટણી' સંપૂર્ણ રીતે લાગુ થઈ શકે એવું તંત્ર બનાવવાની દિશામાં કામ કરી રહી છે. સમિતિએ કહ્યું છે કે એક દેશ- એક ચૂંટણી 2029થી લાગુ થઇ શકે છે. સમિતિના **અધ્યક્ષ પી .પી. ચૌધરી**એ કહ્યું કે અત્યાર સુધી ચર્ચામાં જોડાયેલા લગભગ 99% નાગરિક, સમાજ અને વિવિધ સંગઠનોએ આ વિચારને સમર્થન આપ્યું છે. સમિતિએ આ મુદ્દે અલગ-અલગ રાજ્યોના નિષ્ણાતો પાસેથી સલાહ લીધી છે. સમિતિ મુજબ અલગ-અલગ સમયમાં ચૂંટણી થવાથી દેશને અંદાજે 7 લાખ કરોડ રૂપિયાનું નુકસાન થાય છે જે એક દેશ - એક ચૂંટણીથી બચી શકે છે. આ નિયમ લાગુ પાડવા માટે **બંધારણમાં અનુચ્છેદ 83, 172, 356માં** સુધારો કરવો જરૂરી બને અને તેના માટે સંસદમાં **2/3 બહુમતી અને અડધા રાજ્યની** મંજૂરી જરૂરી બને છે.

- દેશમાં **સૌથી વધુ 107 યુનિવર્સિટી ગુજરાતમાં** છે. ઓલ ઇન્ડિયા સર્વે ઓન હાયર એજ્યુકેશન (AISHE) મુજબ, રાજ્યમાં 65 યુનિવર્સિટી ખાનગી છે. જે દેશમાં સૌથી વધુ છે. 2004થી 2014 દરમિયાન રાજ્યમાં 27 નવી યુનિવર્સિટી ખુલી હતી, તેની સામે 2015થી 2025 દરમિયાન 60 નવી યુનિવર્સિટી ખુલી છે. રાજ્યની 2521 કોલેજમાંથી 88% એટલે કે 2214 ખાનગી છે. રિપોર્ટ મુજબ, ગુજરાતમાં 18-23 વર્ષના 74 લાખ યુવા

છે, તેમાંથી 75% એટલે કે 54.55 લાખથી વધુ કોલેજમાં જતા નથી. રાજ્યમાં 19.42 લાખ યુવાઓ કોલેજમાં જઇ રહ્યા છે. તેમાં 10.53 લાખ વિદ્યાર્થી છે, જ્યારે 8.88 લાખ વિદ્યાર્થિનીઓ છે. અહીં ડિપ્લોમાથી લઇ ગ્રેજ્યુએશન, પોસ્ટ ગ્રેજ્યુએશન, પીએચ.ડી સહિતના તમામ કોર્સના વિદ્યાર્થી સામેલ છે. આ મામલે ગુજરાત દેશમા 22મા ક્રમે છે.

- જાપાનમાં દુનિયાનું પહેલું એવું એરપોર્ટ ખૂલ્યું છે જે સંપૂર્ણપણે **'પોકેમોન'** થીમ પર આધારિત છે. **જાપાનના ઇશિકાવા પ્રાંતમાં** આવેલા **નોટો એરપોર્ટ**ને નવો લુક આપીને તેનું નામ હંગામી ધોરણે બદલીને 'નોટો સતોયામા પોકેમોન વિથ યુ એરપોર્ટ' કરવામાં આવ્યું છે. આ માત્ર કોઇ સામાન્ય રિબ્રાન્ડિંગ નથી, પરંતુ વર્ષ 2024ના વિનાશક ભૂકંપથી પ્રભાવિત નોટો દ્વીપકલ્પમાં પ્રવાસનને ફરી બેઠું કરવા માટે લેવાયેલું એક સરાહનીય પગલું છે.

## 12 જુલાઇ

- દક્ષિણ પૂર્વ એશિયાઇ દેશ વિયેતનામના હોન મે રુટ દ્વીપથી એન થોઇ પોર્ટ જઇ રહેલા ભારતીય પ્રવાસીઓની સ્પીડ બોટ કિનારાથી 400 મીટર પહેલાં પલટી ગઇ જેમાં 15 ભારતીયોનાં મોત થયાં. મોટાભાગના પ્રવાસીઓ આંધ્રપ્રદેશ અને તમિલનાડુના હતા.

- પ્રખ્યાત પ્લેબેક સિંગર એસ. જાનકીનું મૈસુરની એક ખાનગી હોસ્પિટલમાં નિધન થયું. 1958માં આવેલી ફિલ્મ મિસ 58માં તેમનું પ્રથમ ગીત આવ્યું હતું. તેમણે તેમની કારકિર્દીમાં 48 હજારથી વધુ ગીતો ગાયાં હતાં અને તે તમામ મોટે ભાગે હિંદી, કન્નડ, તમિલ, મલયાલમ અને તેલુગુ ભાષામાં હતાં. વર્ષ 2013માં ભારત સરકારે તેમને પદ્મ ભૂષણ આપવાની જાહેરાત કરી હતી, પરંતુ તેમણે આ સન્માન સ્વીકાર્યું ન હતું.

- ભારતીય આયુર્વિજ્ઞાન અનુસંધાન પરિષદ (ICMR) હિમાચલ પ્રદેશના લાહૌલ-સ્પીતી જિલ્લાના **કીલોંગ** ખાતે ભારતનું પ્રથમ સમર્પિત હાઇ-એલ્ટિટ્યુડ મેડિસિન એન્ડ પબ્લિક હેલ્થ રિસર્ચ સેન્ટર સ્થાપવા જઇ રહી છે. આ સંશોધન કેન્દ્રમાં ઉચ્ચ ઊંચાઇ પર થતા રોગો (Altitude Sickness), હાયપોક્સિયા, હવામાન પરિવર્તનથી સંબંધિત આરોગ્ય સમસ્યાઓ, આપત્તિ ચિકિત્સા, ટેલિમેડિસિન અને દૂરના વિસ્તારો માટે ડ્રોન આધારિત આરોગ્ય સેવાઓ પર સંશોધન કરવામાં આવશે. આ કેન્દ્ર હિમાલયી વિસ્તારોમાં જલવાયુ-પ્રતિરોધક આરોગ્ય વ્યવસ્થા વિકસાવવા અને સ્થાનિક વસ્તી, પ્રવાસીઓ તેમજ સુરક્ષા દળોને વધુ સારી આરોગ્ય સુવિધા પૂરી પાડવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

- ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે **તમિલનાડુએ** સૌથી વધુ Gross Enrolment Ratio (GER) 52.3% સાથે દેશમાં પ્રથમ સ્થાન મેળવ્યું. અર્થાત 18–23 વર્ષની વયજૂથના અડધાથી વધુ યુવાનો ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ મેળવી રહ્યા છે. જોકે, શિક્ષણવિદોએ રાજ્યને હવે માત્ર પ્રવેશદર વધારવાના બદલે શિક્ષણની ગુણવત્તા, સંશોધન, રોજગારલક્ષી કૌશલ્ય, અભ્યાસક્રમના આધુનિકીકરણ અને શિક્ષણનાં પરિણામો પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવાની સલાહ આપી છે.

સરકારી નોકરીની તૈયારી માટે
FEE ની ચિંતા છોડો,
FREE તૈયારી કરો.
Crack GPSC easily with...
CRACK GPSC

# 13 જુલાઈ

- ગુજરાતનાં મહેસાણાના **ઊંઝાના જીરુંને** GI TAG પ્રાપ્ત થયો. રૂ. 4000 કરોડનું ટર્ન ઓવર ધરાવતું એશિયાનું સૌથી મોટું માસાલા માર્કેટ ઊંઝા ખાતે આવેલું છે.

- કચ્છ યુનિવર્સિટીના સંશોધકોએ **સ્ટીવિયાના છોડમાંથી** મળતા કુદરતી ગળપણનો ઉપયોગ કરીને **સ્વીટનર** (ખાંડનો વિકલ્પ) તૈયાર કરવાની નવી પદ્ધતિ વિકસાવી છે, જેના માટે ભારતીય પેટન્ટ 10 જુલાઈના પ્રકાશિત થયું છે. આ સંશોધનનો મુખ્ય હેતુ એવું કુદરતી સ્વીટનર તૈયાર કરવાનો છે, જે ખાંડ કરતાં 200થી 300 ગણું વધુ મીઠું હોય, પરંતુ તેમાં કેલરી લગભગ ન હોય અને બ્લડ શુગર પણ ન વધે. તેથી ભવિષ્યમાં આ ટેક્નોલોજી ડાયાબિટીસના દર્દીઓ અને સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત લોકો માટે ઉપયોગી બની શકે છે. આ સંશોધનમાં સ્ટીવિયાના પાનમાંથી મળતાં મીઠાશવાળાં તત્ત્વોને વધુ શુદ્ધ સ્વરૂપમાં તૈયાર કરાયાં છે. તેને અન્ય જરૂરી ઘટકો સાથે ભેળવીને કુદરતી સ્વીટનરનું ફોર્મ્યુલેશન તૈયાર કરાયું છે. આ સંશોધન ડૉ. વિજય રામ (એસો. પ્રોફેસર, કચ્છ યુનિ, ભુજ)ના માર્ગદર્શન હેઠળ બિજલ એમ. શુક્લા, નિખિલ પ્રજાપતિ અને ભરત લોણિયા દ્વારા પૂર્ણ કરાયું હતું. કચ્છમાં આ છોડની ખેતી પણ કરી શકાય તેવી વિપુલ પ્રમાણમાં તક છે. સ્ટીવિયા એક ઔષધીય ગુણો ધરાવતો બારમાસી છોડ છે. તેના પાનમાં કુદરતી રીતે મીઠાશ આપતાં તત્ત્વો હોય છે. આ તત્ત્વો સામાન્ય ખાંડ કરતાં અનેક ગણાં વધુ મીઠાં હોય છે, પરંતુ તેમાં કેલરી ખૂબ ઓછી હોય છે.

- સુપર **ટાયફૂન બાવીએ** ગુઆમ અને ઉત્તરી મારિયાના ટાપુઓ પર ત્રાટકીને ત્યાં ઘણું નુકસાન પહોંચાડ્યું. ત્યારબાદ આ તોફાન ચીનના પૂર્વીય ઝેજિયાંગ પ્રાંતમાં ત્રાટક્યું. ચીન પહોંચતાં પહેલાં બાવીને કારણે જાપાનના દક્ષિણ ટાપુઓ અને તાઇવાનમાં ભારે પવન તથા વરસાદ આવ્યો. ફિલિપાઇન્સમાં પણ બાવીના પ્રભાવથી પૂર અને ભૂસ્ખલનની ઘટનાઓ સર્જાઈ.

- ભારત સરકારે કતારના પૂર્વ અમીર (ફાધર અમીર) શેખ હમદ બિન ખલીફા અલ થાનીના નિધન પર એક દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કર્યો. દેશભરની સરકારી ઇમારતો પર રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરકાવવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શેખ હમદને દૂરંદેશી નેતા ગણાવી તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી અને ભારત-કતાર સંબંધોને મજબૂત બનાવવામાં તેમના યોગદાનની પ્રશંસા કરી હતી. શેખ હમદે 1995થી 2013 સુધી કતારના અમીર તરીકે સેવા આપી હતી. તેમને આધુનિક કતારના શિલ્પી તરીકે ઓળખવામાં આવે છે.

- **અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને** માત્ર એક કલાકમાં 3.61 લાખ છોડ વાવી ગિનેસ વર્લ્ડ રેકોર્ડ સ્થાપ્યો. આ વિશાળ વૃક્ષારોપણ અભિયાન અમદાવાદના ભાડજ વિસ્તારમાં યોજાયું. જેમાં 25,000થી વધુ સ્વયંસેવકો દ્વારા આશરે 76,000 ચો.મી. વિસ્તારમાં મિયાવાકી પદ્ધતિથી 35 જેટલી દેશી વૃક્ષ પ્રજાતિઓના છોડ વાવવામાં આવ્યા. આ રેકોર્ડ અગાઉ આસામ વન વિભાગ દ્વારા 2023માં એક કલાકમાં વાવેલા 3,31,929 છોડના રેકોર્ડને તોડીને બનાવાયો છે. આ અભિયાન **'હરિયાળી લોકસભા'** પહેલનો ભાગ છે. જે અંતર્ગત ગાંધીનગર લોકસભા વિસ્તારમાં 1.25 કરોડ વૃક્ષો અને અમદાવાદ શહેરમાં 50 લાખ વૃક્ષો વાવવામાં આવશે.

- 12 જુલાઈને વિશ્વ પેપર બેગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. અમેરિકન શોધક **ફ્રાંસીસ વોલે** પેપર બેગ બનાવવાનું સૌ પ્રથમ મશીન બનાવ્યું હતું.

- 12 જુલાઈ આંતરરાષ્ટ્રીય મલાલા દિવસ. પાકિસ્તાનની બાળ અધિકાર કાર્યકર્તા અને નોબેલ શાંતિ વિજેતા મલાલા યુસુફઝઈના જન્મ દિવસની વૈશ્વિક ઉજવણી કરવામાં આવે છે. વર્ષ 2012માં પાકિસ્તાનમાં છોકરીઓના શિક્ષણનો અવાજ ઉઠાવવા બદલ તાલિબાની આતંકવાદીઓએ તેમના પર હુમલો કર્યો હતો, પરંતુ તેઓ બચી ગયા અને પોતાનો સંઘર્ષ ચાલુ રાખ્યો. તેમના જીવન પર આધારિત પ્રખ્યાત પુસ્તક **"આઇ એમ મલાલા"** છે.

- ભારતના યુવા સ્પ્રિન્ટર **અનિમેષ કુજૂરે** જર્મનીના વેટ્ઝલાર ખાતે યોજાયેલી PUMA Fast Arms Fast Legs 2026 સ્પર્ધામાં મેન્સ 100 મીટર દોડમાં 10.14 સેકન્ડનો શ્રેષ્ઠ સમય નોંધાવી સિલ્વર જીત્યો. ઓડિશાનો અનિમેષ વિદેશી ભૂમિ પર 100 મીટરમાં સૌથી ઝડપી સમય નોંધાવનાર ભારતીય ખેલાડી બન્યો. આ ભારતના ઇતિહાસમાં બીજો સૌથી ઝડપી 100 મીટરનો સમય છે. રાષ્ટ્રીય રેકોર્ડ હજી પણ ગુરિન્દરવીર સિંહના નામે 10.09 સેકન્ડનો છે, જે તેમણે મે 2026માં ફેડરેશન કપ દરમિયાન બનાવ્યો હતો. દક્ષિણ આફ્રિકાના **રેટશિદિસિત્સ્વે મ્લેંગાએ** 10.03 સેકન્ડના સમય સાથે ગોલ્ડ જીત્યો.

- **INS મહેન્દ્રગિરી (F38)**ને વિશાખાપટ્ટનમ ખાતે નૌકાદળના ઈસ્ટર્ન ફ્લીટમાં સામેલ કરવામાં આવ્યું. INS મહેન્દ્રગિરી (F38) એ ભારતીય નૌકાદળના શક્તિશાળી **પ્રોજેક્ટ 17A** અંતર્ગત બનેલું છેલ્લું અને છઠ્ઠું સ્ટીલ્થ ફ્રિગેટ (ઝડપી યુદ્ધજહાજ) છે. આ જહાજની ડિઝાઇન વોરશીપ ડિઝાઇન બ્યુરોએ તૈયાર કરી છે અને તેનું નિર્માણ કાર્ય મુંબઈ સ્થિત મઝગાંવ ડોક શિપ બિલ્ડર્સ લિમિટેડ દ્વારા કરવામાં આવ્યું છે.

## 14 જુલાઈ

- વર્લ્ડ બેંક દ્વારા ભારતના રાષ્ટ્રીય રૂફટોપ સોલાર પ્રોગ્રામ માટે 890 મિલિયન ડોલરની મંજૂરી આપવામાં આવી. આ સહાયથી ભારત સરકારની યોજના **'પીએમ સૂર્યઘર મફત વીજળી યોજના'**ને વેગ મળશે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય સમગ્ર દેશમાં 10 મિલિયન ઘરોની છત પર સોલાર પેનલ લગાવવાનો છે.

- વૈશ્વિક સ્તરે જાહેર થયેલા હેપી સિટી ઇન્ડેક્સ 2026માં રાજસ્થાનના પાટનગર **જયપુરે** વૈશ્વિક ધોરણે **છઠ્ઠો** ક્રમ મેળવ્યો છે. આ સાથે આ શહેર ટોપ 10માં સ્થાન મેળવનાર એકમાત્ર ભારતીય શહેર બન્યું છે. આ યાદીમાં લંડન પ્રથમ ક્રમે રહ્યું છે. આ ઇન્ડેક્સમાં શહેરોનું મૂલ્યાંકન ત્યાંના આરોગ્ય, શાસન, પર્યાવરણ, ગતિશીલતા, અર્થતંત્ર અને નાગરિકોના એકંદર સુખાકારી જેવા વિવિધ પરિબળોના આધારે કરવામાં આવે છે.

- ડેનમાર્કની દવા કંપની **'નોવો નોર્ડિસ્ક'** દ્વારા **'Awiqli'** નામનું નવું ઇન્સ્યુલિન લોન્ચ કરવામાં આવ્યું છે. આ દુનિયાનું પહેલું એવું ઇન્સ્યુલિન છે જે અઠવાડિયામાં માત્ર 1 વાર લેવાનું હોય છે. આ ઇન્સ્યુલિન બ્લડ સુગરને નિયંત્રણમાં રાખવામાં દરરોજ લેવાતા ઇન્સ્યુલિન કરતાં પણ વધુ અસરકારક છે. આ ઉપરાંત આ દવા અન્ય કરતાં 30થી 40% સસ્તી પણ છે. આ દવા સામાન્ય રીતે ટાઈપ 1 અને ટાઈપ 2 ડાયાબિટીસના પુખ્ય વયના દર્દીઓ માટે ઉપયોગમાં લઇ શકાશે.

- 21 વર્ષીય ટેનિસ ખેલાડી **લિન્ડા નોસ્કોવાએ** વિમ્બલ્ડન મહિલા સિંગલ્સ ટાઇટલ જીત્યું. ટેનિસ ખેલાડી **જાનિક સિનરે** સતત બીજી વખત વિમ્બલ્ડન પુરુષ સિંગલ્સ ટાઇટલ જીત્યું. આ નોસ્કોવાનું પહેલું ગ્રાન્ડસ્લેમ ટાઇટલ છે. તે પેટ્રા ક્વિટોવા પછી વિમ્બલ્ડન જીતનારી સૌથી નાની ઉંમરની મહિલા બની છે.

- ભારતીય શૂટર **નીરુ ઢાંડાએ** ઇટાલીના લોનાટોમાં આયોજિત ISSF શોટગન વર્લ્ડ કપ 2026 માં મહિલા ટ્રેપ ઇવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો. આ તેનો પહેલો વ્યક્તિગત વર્લ્ડ કપ ગોલ્ડ મેડલ છે. આ જીત સાથે, તે શોટગન ઇવેન્ટ્સમાં ભારત માટે વ્યક્તિગત મેડલ જીતનાર પ્રથમ શૂટર બની છે.

- ઇસરોએ ગગનયાન મિશન માટે ત્રણ પરીક્ષણો સફળતાપૂર્વક પૂર્ણ કર્યાં. આમાં સમુદ્રમાં ક્રૂ મોડ્યુલને સીધો રાખવા માટેની ટેકનોલોજી, આવશ્યક જોડાણ (નાભિની લિંક)ને અલગ કરવાની સિસ્ટમ અને રોકેટના ટોચના કવરને અલગ કરવાનો સમાવેશ થાય છે. આ ટેકનોલોજીથી સમુદ્રમાં ઉતરાણ પછી અવકાશયાત્રીઓની સલામતી સુનિશ્ચિત કરવાની ખાતરી મળશે.

- ભારત સરકારના ટેલિકોમ્યુનિકેશન વિભાગના ફ્લેગશિપ પ્રોગ્રામ **'સમૃદ્ધ ગ્રામ: ઈન્ટિગ્રેટેડ ફિજિટલ સર્વિસ ડિલિવરી મોડલ'ને** આંતરરાષ્ટ્રીય સ્તરે મોટી સફળતા મળી છે. આ પ્રોજેક્ટને જિનીવા ખાતે આયોજિત 'વર્લ્ડ સમિટ ઓન ધ ઈન્ફોર્મેશન સોસાયટી' (WSIS) ફોરમ 2026 દરમિયાન પ્રતિષ્ઠિત WSIS પ્રાઈઝ 2026 આપવામાં આવ્યું. આ પ્રોજેક્ટ અંતર્ગત સ્થાપિત થયેલા કેન્દ્રોમાં **ફીજીટલ** એટલે કે ફિઝિકલ અને ડિજિટલ એમ બંને રીતે સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. જેનાથી ડિજિટલ સાક્ષરતા ન ધરાવતા ગ્રામીણ નાગરિકોને પણ સરળતાથી અને ખાનગી સેવાઓ મળી શકશે. આ સેવા કેન્દ્રમાં આરોગ્ય, શિક્ષણ અને કૌશલ્ય વિકાસ, કૃષિ સહાય તેમજ નાણાકીય સમાવેશ જેવી મહત્ત્વપૂર્ણ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

- ભારતીય મૂળના નાસાના અંતરિક્ષ યાત્રી **અનિલ મેનન** ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન માટે રવાના થયા. 8 મહિનાના આ મિશનમાં માનવ શરીર અને AI ટેક્નોલોજી પર મહત્ત્વપૂર્ણ સંશોધન થશે. તેમની સાથે રશિયાના અંતરિક્ષ યાત્રી **પ્યોત્ર ડુબ્રોવ** અને **અન્ના કિકિના** પણ જોડાશે. મેનન ઈમરજન્સી મેડિસિન નિષ્ણાત છે.

## 15 જુલાઈ

- કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું કે બળજબરીથી એસિડ પીવડાવવાના કારણે આંતરિક ઈજા ભોગવનારા પીડિતોને પણ હવે દિવ્યાંગજન અધિકાર કાયદા, 2016 હેઠળ લાભ મળશે. આ કેસ એસિડ એટેક સર્વાઈવર **શાહીન મલિકની** જાહેર હિતની અરજી સાથે જોડાયેલો છે. અરજીમાં માંગ કરવામાં આવી હતી કે જે લોકોને બળજબરીથી એસિડ પીવડાવવામાં આવ્યું કે જેમને કોઈ બાહ્ય વિકૃતિ વિના આંતરિક ઈજાઓ થઈ છે, તેમને પણ દિવ્યાંગ માનવામાં આવે.

- કર્ણાટક સરકાર **બેંગલુરુમાં** 100 એકરમાં દેશની પહેલી સરકારી એઆઈ (આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ) યુનિવર્સિટી બનાવશે. સીએમ ડી.કે. શિવકુમારે જણાવ્યું કે એઆઈ હબ સ્ટાર્ટઅપ, કંપનીઓ અને શિક્ષણ સંસ્થાઓ માટે ઇન્ક્યુબેશન સેન્ટર બનશે.

- ભારત અને યુનાઇટેડ કિંગડમ વચ્ચે ઐતિહાસિક કોમ્પ્રિહેન્સિવ ઇકોનોમિક એન્ડ ટ્રેડ એગ્રીમેન્ટ (CETA) અમલી બનવાની સાથે જ સૌરાષ્ટ્રના નિકાસ ક્ષેત્રે નવો ઇતિહાસ રચાયો છે. આ કરાર હેઠળ સૌરાષ્ટ્ર પ્રદેશમાંથી પ્રથમ નિકાસ કન્ટેનરન અન્નપૂર્ણા યુનિવર્સલ ફૂડ્સ પ્રા.લિ. ખાતેથી સત્તાવાર રીતે ફ્લેગ ઓફ કરવામાં આવ્યું હતું. આ કરાર અંતર્ગત પ્રથમ દિવસે જ રાજકોટની અન્નપૂર્ણા કંપનીમાંથી રૂ. 25 લાખની કિંમતના ડ્રાય સ્નેક્સનું 40 ટનનું કન્ટેનર યુ.કે. જવા રવાના થયું છે. આ કન્ટેનરમાં વિદેશમાં વસતા

ભારતીયો અને સ્થાનિક બ્રિટિશર્સ માટે ચીકી, ખાખરા તથા અન્ય પરંપરાગત ડ્રાય નાસ્તાઓનો જથ્થો મોકલાયો છે.

- 15 જુલાઈ વિશ્વ યુવા કૌશલ્ય દિવસ. આ દિવસનો મુખ્ય ઉદ્દેશ્ય યુવાનોને રોજગાર, યોગ્ય કાર્ય અને ઉદ્યોગ સાહસિકતા માટે જરૂરી કૌશલ્યોથી સજ્જ કરવાના મહત્ત્વ વિશે જાગૃતિ લાવવાનો છે. થીમ: 'ટેકનોલોજી અને ભાગીદારી દ્વારા બહુપક્ષીય સહયોગને આગળ ધપાવતા યુવાનો.'


- કેન્દ્ર સરકાર અને LIC IDBI બેંકમાં સંયુક્ત 60.7% હિસ્સો વેચવા માટે તૈયાર છે. હાલમાં, ભારત સરકાર IDBI બેંકમાં 45.48% હિસ્સો ધરાવે છે, જ્યારે LIC બેંકના 49.24% શેર ધરાવે છે. આ પ્રક્રિયામાં ફેરફેક્સ ફાઇનાન્સિયલ હોલ્ડિંગ્સ અને અમીરાત NBD બે મુખ્ય દાવેદાર છે.

- કેન્દ્રીય ગૃહ અને શહેરી બાબતોના મંત્રાલયે જાહેરાત કરી છે કે દિલ્હીના પુનઃવિકસિત સેન્ટ્રલ વિસ્ટા વિસ્તારને હવે **'કર્તવ્ય ભવન સંકુલ'** તરીકે ઓળખવામાં આવશે. આ વિસ્તારમાં સ્થિત વિવિધ સરકારી ઇમારતોને **'કર્તવ્ય ભવન'** નામ આપવામાં આવ્યું છે. જ્યારે વડાપ્રધાન કાર્યાલય અને કેબિનેટ સચિવાલય ધરાવતી ઈમારતને **'સેવા તીર્થ'** નામ આપવામાં આવ્યું છે.

- પ્રખ્યાત તમિલ લેખક અને સાહિત્ય અકાદમી પુરસ્કાર વિજેતા **પૂમણીનું** અવસાન થયું. તેઓ **દક્ષિણ તમિલનાડુના 'કરિસાલ' પ્રદેશ** (કાળી માટી માટે પ્રખ્યાત)માં જીવનનું આબેહૂબ ચિત્રણ કરવા માટે જાણીતા છે. તેમને 2014માં તેમની ઐતિહાસિક નવલકથા **'અગ્નદી'** માટે સાહિત્ય અકાદમી પુરસ્કાર મળ્યો હતો.

- અમેરિકી સંઘીય સંચાર આયોગ (એફસીસી)એ કેલિફોર્નિયાની કંપની રિફ્લેક્ટ ઓર્બિટલને અંતરિક્ષમાં વિશાળ અરીસાવાળો ઉપગ્રહ (સેટેલાઇટ) મોકલવાની મંજૂરી આપી દીધી છે. કંપનીનો પહેલો પ્રાયોગિક ઉપગ્રહ **'એરેન્ડિલ-1'** આશરે 60 ફીટ પહોળા રિફ્લેક્ટર મિરરથી સજ્જ હશે. તે પૃથ્વીથી આશરે **640 કિમી** ઉપર ભ્રમણકક્ષામાં રહેશે અને જરૂરિયાત પડવા પર સૂર્યનાં કિરણોને કોઈ ખાસ સ્થાન તરફ વાળી દેશે. કંપનીનો દાવો છે કે તેનાથી આશરે 5 કિમીના વિસ્તારમાં પૂનમના ચાંદ કરતાં ચાર ગણી વધુ રોશની પહોંચાડી શકાશે. 2026ના અંત સુધીમાં આવા બે ઉપગ્રહ અને 2027 સુધીમાં 36 ઉપગ્રહોનું નેટવર્ક તૈયાર કરવાનો લક્ષ્યાંક છે. સૌથી મહત્વાકાંક્ષી યોજના 2035 સુધીમાં **50,000 ઉપગ્રહ** તૈનાત કરવાની છે. વૈજ્ઞાનિકોએ આ પ્રોજેક્ટનો વિરોધ કરતાં કહ્યું છે કે જો રાતનો અંધકાર સમાપ્ત થવા લાગશે તો મનુષ્યોની ઊંઘ, હોર્મોન, પક્ષીઓનું સ્થળાંતર, નિશાચર જીવોની વર્તણૂક, છોડના મોસમી ચક્ર અને દરિયાઈ ખાદ્ય શૃંખલા પણ પ્રભાવિત થઈ શકે છે.

- લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ પર 142 વર્ષના ઈતિહાસમાં પહેલી વાર રમાયેલી મહિલા ટેસ્ટ મેચમાં ભારતીય ટીમે ઈતિહાસ રચ્યો છે. **હરમનપ્રીત કૌરની** આગેવાની હેઠળની **ભારતીય ટીમ** યજમાન ઈંગ્લેન્ડને 270 રનના વિશાળ અંતરથી હરાવીને આ પ્રતિષ્ઠિત મેદાન પર ટેસ્ટ મેચ જીતનારી વિશ્વની પ્રથમ મહિલા ટીમ બની છે. લોર્ડ્સ પર પહેલી ટેસ્ટ **1884માં ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા** વચ્ચે રમાઈ હતી. રસપ્રદ વાત એ છે કે ભારતીય પુરુષ ટીમે પોતાની પહેલી અધિકૃત ટેસ્ટ પણ **1932માં લોર્ડ્સમાં** જ રમી હતી.


એક એપ, બધી પરીક્ષાઓ
કોઈ પણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી આટલી સરળ ક્યારેય નહોતી...
સરકારી નોકરીની
તૈયારી કરો
ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ
CRACK GPSC
UPSC - GPSC - PI - PSI - RFO
Dy. SO / મામ. | ક્લર્ક | તલાટી | કોન્સ્ટેબલ
CCE | TAT | TET | HTAT
ક્લાસ 1, 2 અધિકારી બનવાનું કે
સરકારી નોકરી મેળવવાનું સ્વપ્ન કરો સાકાર.
ડાઉનલોડ કરો Crack GPSC એપ
અને તૈયારી કરો ગમે ત્યારે, ગમે ત્યાંથી
અનુભવી અને સફળ ફેકલ્ટીઝ સાથે ઓછા સમયમાં સચોટ તૈયારી એટલે Crack GPSC
વધુ વિગત માટે સંપર્ક કરો. 7600051070